ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. કાયદો અને ન્યાયને અનુમોદિત દૈનિક અખબાર
RNI NO. GUJGUJ/2015/63755
Title Code : GUJGUJ15949
GANDHINAGAR

# ક્રાઈમ & જસ્ટિસ (દૈનિક)

તંત્રી : જયંતિભાઈ પટેલ (મો) 81418 18143 | સહતંત્રી : ગૌરાંગ પંડ્યા (મો) 99099 69099

● વર્ષ : ૪ ● અંક : ૦૧૬ ● તારીખ : ૧૬-૦૭-૨૦૧૮ ● સોમવાર ● પાના નં. ૪ ● કિંમત : ૦.૨૫/- પૈસા ● મોબાઈલ : 81418 18143 ● email : crimejusticedaily@gmail.com

## ચાલુ વર્ષે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૪ ટકાનું ધોવાણ

**(એજન્સી)નવીદિલ્હી**

શેરબજારમાં સપ્તાહમાં મોટો ઉછાળો નોંધાતો જોવા મળ્યો છે. ચાલુ સપ્તાહ દરમિયાન તેની સર્વોચ્ચ સપાટીએ જોવા મળ્યો છે, જોકે જે રીતે બજારમાં જે રીતે ઉછાળો નોંધાયો છે તેનાથી નાના રોકાણકારોમાં નિરાશા જોવા મળી છે. બજારની તેજીનો મોટો લાભ મોટા ફંડોના રોકાણકારોને જ થયો હોવાનો મત નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષમાં સેન્સેક્સમાં ૭.૨૬ ટકાનો સુધારો નોંધાયો છે, જ્યારે બીએસઇ-૧૦૦ ઈન્ડેક્સમાં ૨.૨૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. જોકે રસપ્રદ બાબત એ છે કે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ધોવાઇ ગયેલા જોવા મળ્યા છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૧૨.૩૫ ટકા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૪.૭૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.બજારના નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે શેરબજારમાં મોટા ફંડો, વિદેશી સંસ્થાગત રોકાણકારોની લાર્જકેપ સેક્ટરના શેરમાં વધુ રોકાણના પગલે આ શેરમાં વધુ ઉછાળાની ચાલ જોવા મળી છે. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરીથી ૧૧ જુલાઇ સુધીમાં આઇટી સેક્ટરની અગ્રણી કંપની ટીસીએસમાં ૪૯ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો છે. એ જ પ્રમાણે ઈન્ફોસિસમાં પણ ૨૮ ટકાનો સુધારો નોંધાયો છે.એચયુએલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેન્કના શેર પણ ૩૮ ટકા સુધી ઊછળ્યા છે, જોકે નાની અને મધ્યમ કદની કંપનીઓના શેર ચાલુ વર્ષે ધોવાઇ ગયેલા જોવા મળ્યા છે.કંપનીઓના સારા પરિણામના પગલે આ શેરમાં ઉછાળો જોવા મળ્યો છે. એટલું જ નહીં લાર્જકેપ સેક્ટરની કંપનીના શેરમાં રોકાણકારોનો ટ્રેન્ડ વધ્યો છે. તેના કારણે લાર્જકેપ કંપનીના શેરમાં મોટો ઉછાળો નોંધાયો છે.શેરબજારના નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે સેન્ટિમેન્ટ જોતાં આગામી દિવસોમાં કેટલાંક રાજ્યોનું ઈલેક્શન આવી રહ્યું છે.

## સરસપુર-મોસાળમાં અભૂતપૂર્વ ઉત્સાહ વચ્ચે દોઢ લાખ ભક્તોએ 'પ્રસાદ' માણ્યો

**(પ્રતિનિધિ)અમદાવાદ**

ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રામાં મોસાળ 'સરસપુર'નું અનેરૂં મહત્ત્વ છે. અહીં મોસાળના મંદિરના દર્શનનો લ્હાવો તો છે જ પરંતુ એની સાથે સાથે સરસપુરની નાની-મોટી દરેક પોળમાં બનતાં ભોજન-પ્રસાદને માણવાની પણ વિશિષ્ટ પરંપરા છે. મંદિરે ચઢાવેલાં ભોજનનો સ્વાદ શરીરની સાથોસાથ આત્માને પણ તૃપ્ત કરી દેનારો હોય છે.સાદી ખીચડી, બટાટાનું શાક, ફુલવડી હોય કે પૂરી-શાક અને મોહનથાળ સરસપુરની પોળેપોળમાં થતાં જમણવારનો જોટો નથી. ભક્તો દર્શન ઉપરાંત અચુક પ્રભૂ પ્રસાદી રૂપ ભોજનની તક ઝડપી લે છે અને પોળના રહિશો મામાના ઘરે પધારેલાં રણછોડની સાથે આવેલાં તમામ શ્રદ્ધાળુઓની ભરપૂર આગતાસ્વાગતા કરીને દિલથી જમાડે છે. કોઇ ભક્ત ભૂખ્યો કે તરસ્યો ના રહી જાય તેની કાળજી આખુંય સરસપુર કરે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દોઢ લાખથી વધુ ભક્તોએ સરસપુરની ૧૫થી વધુ પોળોમાં ભોજન માણ્યું હતું.સરસપુરમાં જગન્નાથજીના મોસાળ ખાતે ભગવાનના દર્શનનું એક અનેરું મહત્ત્વ હોય છે, પરંતુ તેની સાથે સાથે સ્વાદિષ્ટ વાનગીઓના ભોજનની આગવી વ્યવસ્થા પણ શહેરના ખૂણેખૂણેથી ભક્તોને સરસપુર સુધી ખેંચી લાવે છે. અહીંની પોળોમાં સ્વયંભુ રસોડા ઊભા કરવામાં આવે છે અને ભોજન માટેની તૈયારીઓ કરવામાં આવે છે. વર્ષોથી એકધાર્યા શાક અને ખીચડીનું જમણવાર કરતા કડિયાવાડમાં પણ માનવમહેરામણ ઊમટી પડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'કોઇ પોળમાં પાંચ હજાર તો કોઇમાં ૨૫ હજાર ભક્તો જમે છે. અમારી પોળમાં ૪૧ વર્ષથી ખીચડી-શાકનો જમણવાર થાય છે અને શ્રદ્ધાળુઓ સવારથી જ અહીં પ્રસાદનો લ્હાવો લે છે. અમે ૫૦૦ કિલોની ખીચડી અને ૫૦૦ કિલોનું બટાકાનું શાક બનાવ્યું છે સાથે અસલી ઘી તો ખરું જ.'

## છત્તીસગઢની દીકરીએ એક એવી કેન્સરનો ઈલાજ શોધી કાઢયો

**(એજન્સી)રાયપુર**

કેન્સર એક એવી બીમારી છે કે જેનું નામ સાંભળતા જ મોટા-મોટા લોકોની આત્મા ધ્રૂજવા લાગે છે. દુનિયાભરમાં દર વર્ષે લાખો લોકોનાં મોત કેન્સરને કારણે જ થતાં હોય છે. માત્ર ભારતમાં જ કેન્સરને કારણ અંદાજે ૧૦ લાખ લોકોનાં મોત થાય છે.આનું કારણ એ છે કે કેન્સર વિશે લોકોની પાસે સાચી જાણકારીઓ ન હોવી અથવા તો આનો સમય પર જો ઈલાજ ના કરવામાં આવે. પરંતુ હવે તમારે ગભરાવવાની જરૂર નથી કેમ કે આની સારવાર હવે શક્ય બની છે. છત્તીસગઢનાં એક સંશોધનકર્તાએ આ ખતરનાક બીમારીનો ઈલાજ શોધી કાઢ્યો છે.રાયપુરની રહેનારી મમતા ત્રિપાઠીએ કેન્સરની દવાઓ શોધવામાં સફળતા હાંસલ કરી લીધી છે. રાયપુરની રહેનારી મમતા ત્રિપાઠીએ કેન્સરની દવાઓ શોધવામાં સફળતા હાંસલ કરી લીધી એમનો એવો દાવો છે કે આ દવાથી કેન્સર સેલ્સને ૭૦થી ૮૦ ટકા સુધી ખતમ કરી શકાશે. તેઓએ વધુમાં એમ પણ જણાવ્યું કે, આ દવાને પહેલા લેબમાં ટેસ્ટ કરવામાં આવેલ છે કે જેમાં અમે સફળ રહ્યાં છીએ.હવે આ દવાને ઉંદરો પર ટેસ્ટ કરવામાં આવશે અને જો આમાં સફળતા મળશે તો બાદમાં આનો પ્રયોગ માનવી પર કરવામાં આવશે. તેઓએ કહ્યું કે, અમારે આ દવાની શોધ કરવામાં ૪થી ૫ વર્ષ લાગી ગયાં છે.તમને જણાવી દઇએ કે તાજેતરમાં જ બોલીવૂડની પ્રસિદ્ધ અભિનેત્રી સોનાલી બેન્દ્રેને લઇને એવાં સમાચાર આવ્યાં હતાં કે તે પોતે હાઇ ગ્રેડ કેન્સર સામે ઝઝૂમી રહેલ છે. તેઓની સારવાર હાલમાં ન્યૂયોર્કમાં ચાલી રહેલ છે. આ સિવાય પણ અભિનેતા ઈરફાન ખાન પણ આ કેન્સરનાં શિકાર બની ચૂકેલ છે. આ સિવાય હજી કેટલાંક સ્ટાર અને ખેલાડી પણ છે કે જે કેન્સર જેવી ગંભીર બીમારીને પણ હાર આપી ચૂક્યાં છે.

# બે વર્ષમાં દેશના પાંચ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા: પીએમ મોદી

### પૂર્વાંચલના બે દિવસના પ્રવાસે ગયેલા પીએમ મોદીએ બાણસાગર પરિયોજના સહિતના ચાર પ્રોજેકટનુ લોકાપર્ણ કર્યુ હતુ

**(એજન્સી)વારાણસી**

યુપી પ્રવાસના બીજા દિવસે ચાર પ્રોજેક્ટનુ મોદીએ લોકાર્પણ કર્યુ પૂર્વાંચલના બે દિવસના પ્રવાસે ગયેલા પીએમ મોદીએ બાણસાગર પરિયોજના સહિતના ચાર પ્રોજેક્ટનુ લોકાપર્ણ કર્યુ હતુ.તેની સાથે સાથે ૧૦૮ જન ઔષધિ કેન્દ્ર, મેડિકલ કોલેજનો શિલાન્યાસ અને બનારસ તેમજ મિર્ઝાપુરને જોડતા પુલનુ પણ ઉદઘાટન કર્યુ હતુ. આ દરમિયાન એક રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું હુતં કે યુપીમાં યોગીજીની સરકાર આવ્યા બાદ વિકાસ દેખાઈ રહ્યો છે. બાણસાગર યોજના જો પહેલા શરુ થઈ ગઈ હોત તો ૨ દાયકા પહેલા તેનો લાભ લોકોને મળતો પણ પહેલાની સરકારોએ ખેડૂતોની ચિંતા કરી નહોતી. ૪૦ વર્ષ પહેલા આ યોજનાનો શિલાન્યાસ થયો હતો.એ પછી કામ શરુ થતા બીજા ૨૦ વર્ષ નીકળી ગયા હતા.પણ યોજનાને લઈને માત્ર વાયદા જ થતા રહ્યા હતા.પણ ૨૦૧૪માં અમારી સરકારે આ યોજનાને આગળ વધારવાનુ કામ કર્યુ હતુ. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે છેલ્લા ૨ વર્ષમાં ભારતમાં ૫ કરોડ લોકો ગરીબીથી બહાર આવ્યા છે.જેમાં સરકારની યોજનાઓનો મોટો પ્રભાવ રહ્યો છે.જે પાર્ટીઓ આજે ખેડૂતો માટે આંસુ પાડી રહી છે તેમને જઈને



લોકોએ પૂછવાની જરુર છે કે આખરે કેમ તેમણે પોતાના શાસનમાં દેશભરમાં બાણગંગા જેવી સિંચાઈ યોજનાઓ અધૂરી છોડી દીધી. આ પહેલા વડાપ્રધાન મોદીએ શનિવારની મોડી રાતે વારાણસીના વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી.તેઓ વિવિધ વિસ્તારોમાં એક કલાક સુધી ફર્યા હતા.જેના પગલે સ્થાનિક તંત્રમાં હલચલ મચી ગઈ હતી.

## '૨૦૧૯ની ચૂંટણી પહેલા શરૂ થશે રામ મંદિરનું નિર્માણ' : અમિત શાહ



**(એજન્સી)નવીદિલ્હી**

રામ મંદિરને લઈને બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું મોટું નિવેદન સામે આવ્યું છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે, અમિત શાહે કહ્યું હતું કે ૨૦૧૯ની ચૂંટણી પહેલા રામ મંદિરનું કામ શરૂ થઈ જશે.બીજેપી પ્રભારી સદસ્ય પી શેખરજીએ અમિત શાહના હવાલાથી આ નિવેદન મીડિયાને આપ્યું છે. પરંતુ બીજેપી તરફથી અમિત શાહના આ નિવેદનનું ખંડન કરવામાં આવ્યું છે.જોકે તેલંગાણાના બીજેપી પ્રભારી પરાલા શેખરે કહ્યું હતું કે, અમિત શાહે કહ્યું છે કે જે થઈ રહ્યું છે તેને જોતા એવું લાગે છે કે ૨૦૧૯ પહેલા રામ મંદિરનું કામ શરૂ થઈ જશે. ત્યાર બાદ પરાલાએ કહ્યું હતું કે, જે કહેવાનું હતુ તે કહી દીધું. હવે જે કહેવાનું છે તે કેન્દ્રીય નેતૃત્વ કહેશે.જ્યાં, પરાલા શેખરના આ નિવેદનનું તેલંગાણાના બીજેપી ધારાસભ્ય રામચંદ્ર રાવે ખંડન કરતાં જણાવ્યું હતું કે, રામ મંદિર નિર્માણને લઈને અમિત શાહે કોઈ નિવેદન આપ્યું નથી. જોકે કાર્યકર્તાએ રામ મંદિરને લઈને તેમને એક સવાલ કર્યો હતો, ત્યાર બાદ અમિત શાહ તરફથી સાફ કહેવામાં આવ્યું હતું કે, જે મુદ્દો છે તે કોર્ટમાં છે. કોર્ટના નિર્ણયની રાહ જોવાય છે.રામચંદ્ર રાવે વધુમાં જણાવ્યું હતું કે, અમિત શાહનો વ્યક્તિગત અભિપ્રાય હતો કે લોકસભા ચૂંટણી પહેલા રામ મંદિરનું કામ શરૂ થઈ જશે.રામ મંદિરનો મુદ્દો હાલ સુપ્રિમ કોર્ટમાં છે. વર્ષ ૧૯૯૮માં રામ જન્મ ભૂમિ અને બાબરી મસ્જિદ જમીન વિવાદનો આ મામલો ઈલ્હાબાદ હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૦માં જસ્ટિસ સુધીર અગ્રવાલ, જસ્ટિસ એસ યૂ ખાન અને જસ્ટિસ ડી વી શર્માની બેંચે અયોધ્યા વિવાદ પર પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો.નિર્ણય થયો કે ૨.૭૭ એંકર વિવાદિત ભૂમિના ત્રણ ભાગ કરવામાં આવે. રામ મૂર્તિવાળો પહેલો હિસ્સો રામ લલા વિરાજમાનને આપવામાં આવ્યો. રામ ચબોતરા અને સીતા રસોઈવાળો બીજો હિસ્સો નિર્મોહી અખાડાને આપવામાં આવ્યો જ્યારે ત્રીજો હિસ્સો સુન્ની વક્ફ બોર્ડને આપવામાં આવ્યો.ઈલ્હાબાદ હાઈકોર્ટના આ નિર્ણયને હિન્દૂ મહાસભા અને સુન્ની સેંટ્રલ વક્ફ બોર્ડે સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો. ૯ મે ૨૦૧૧માં સુપ્રિમ કોર્ટે જૂની સ્થિતિ બરાબર રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો ત્યારથી તે સ્થિતિ યથાવત છે.

## ઉત્તર ગુજરાતમાં અપૂરતો વરસાદ

**(પ્રતિનિધિ)અમદાવાદ**

એક તરફ દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘતાંડવ છે ત્યારે બીજી તરફ ઉત્તર ગુજરાતમાં વરસાદ જાણે હાથ તાળી આપી રહ્યો છે. પરિણમે ઉત્તર ગુજરાતની જીવાદોરી ગણાતો ધરોઈ ડેમના ભરચોમાસે તળિયા દેખાઈ ગયા છે.છેલ્લા કેટલાક સમયથી મેઘરાજા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને ધમરોળી રહ્યાં છે. મધ્ય ગુજરાતમાં પણ સારો વરસાદ થઈ રહ્યો છે. પરંતુ ઉત્તર ગુજરાતથી મેઘરાજા રૂઠ્યાં લાગે છે. અહીં વાદળ તો થાય છે પણ વરસાદ જાણે હાથતાળી આપીને વરસતો નથી. જેને લઈને લોકો અને ખેડૂતોમાં ચિંતા પેઠી છે. જો સ્થિતિ આવી જ રહી તો પીવાના પાણીની પણ સમસ્યા ઉભી થઈ શકે છે.

## દિલ્હીમાં ૨૦૧૬માં વાયુ પ્રદૂષણને કારણે ૧૫,૦૦૦ લોકોનાં મોત

### ઝેરી અને પ્રદૂષિત હવાને લઇને સૌથી વધુ મોતના મામલામાં દિલ્હી દુનિયાભરનાં શહેરોમાં ત્રીજા નંબરે

**(એજન્સી)નવીદિલ્હી**

દેશના પાટનગર દિલ્હીમાં વાયુ પ્રદૂષણને કારણે વર્ષ ૨૦૧૬માં અંદાજે ૧૫,૦૦૦ લોકોનાં અકાળે મોત થયાં હોવાનો એક ચોંકાવનારો અને સનસનીખેજ ખુલાસો સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્મેન્ટ દ્વારા હાથ ધરાયેલ એક નવા અભ્યાસના અહેવાલમાં કરવામાં આવ્યો છે. ઝેરી અને પ્રદૂષિત હવાને લઇને સૌથી વધુ મોતના મામલામાં દિલ્હી દુનિયાભરનાં શહેરોમાં ત્રીજા નંબરે છે.ઝેરી હવાને લઇને અકાળે મોત થવાના મામલામાં શાંઘાઇ પ્રથમ નંબરે આવે છે. પીએમ ૨.૫ પ્રદૂષણને લઇને અહીં વર્ષ ૨૦૧૬માં ૧૮,૨૦૦ લોકોનાંમોત થયાં હતાં. જ્યારે બીજા નંબરે બીજિંગનું નામ આવે છે. જ્યાં ૧૭,૬૦૦ લોકોનાં અકાળે મૃત્યુ થયાં હતાં. પીએમ ૨.૫નો મતલબ એવો થાય છે કે વાયુમંડળમાં ૨.૫ મીમી.થી ઓછા વ્યાસવાળા કણ જો શ્વાસ દ્વારા શરીરની અંદર પહોંચે તો મોટું નુકસાન થાય છે. અભ્યાસ અનુસાર પીએમ ૨.૫ને લઇને લોકોને અનેક પ્રકારની બીમારીઓ થાય છે. જેમાં ખાસ કરીને કાર્ડિયો વેસ્કયુલર (હૃદયની) અને ફેફસાંની બીમારીઓ તેમજ કેન્સર અને અકાળે મોતનો સમાવેશ થાય છે.આ અભ્યાસમાં જણાવાયું છે કે પીએમ ૨.૫થી સંબંધિત બીમારીઓ દુનિયાભરનાં મોટાં શહેરોમાં ફેલાયેલી છે, પરંતુ એશિયાન શહેરો તેનાથી વધુ પરેશાન છે. ભારતમાં દિલ્હી બાદ વાયુ પ્રદૂષણને કારણે સૌથી વધુ મોત મુંબઇમાં થયાં છે. મુંબઇમાં ૨૦૧૬માં પ્રદૂષણને કારણે ૧૦,૫૦૦ લોકોનાં અકાળે મોત થયાં હતાં. જ્યારે ૨૦૧૬માં ચેન્નઇ અને બેંગલુરુમાં પ્રદૂષણના સ્તર ૨.૫ સંબંધિત બીમારીઓથી અંદાજે ૫,૦૦૦ લોકોનાં મોત થયાં હતાં હતાં.



ક્રાઈમ & જસ્ટિસ

તંત્રી લેખ......

## સૌરાષ્ટ્રની નદીઓમાં આવ્યું પુર, વરસાદની ધમાકેદાર એન્ટ્રી

સૌરાષ્ટ્રમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં નદી નાળા છલકાયા હતા અને કેટલાક જિલ્લાઓમાં જન જીવન અસ્તવ્યસ્ત થયું હતું. હવે વાત કરીએ ગીર સોમનાથની. તો ગીર સોમનાથના કોડીનારની શીંગવડા નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આ તરફ જૂનાગઢમાં ભારે વરસાદના પગલે ઓઝત નદીમાં ભારે પુર આવ્યું હતું.ધોધમાર વરસાદના પગલે કેટલાક વિસ્તારો જળબંબાકાર થયા હતા.બીજી તરફ ઉનામાં છેલ્લા ચાર દિવસથી વરસી રહેલા વરસાદથી શાહી નદી ગાંડીતૂર બની હતી. સતત વરસી રહેલા વરસાદના કારણે ખાત્રીવાડા ગામ સંપર્ક વિહોણુ થયુ હતું. નદીઓમાં પુર આવતા ખાત્રીવાડા ગામ બેટમાં ફેરવાયુ હતું.પોરબંદરમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે માધવપુરની મઘુવંતી નદીમાં નવા નીરની આવક આવક થઈ હતી પરંતુ નદીમાં કોઈ બંધ ન હોવાથી મીઠું પાણી સમુદ્રમાં ભળી ગયું હતું.નદીમાં ઘોડાપૂર આવતા શહેરીજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો અને પૂર જોવા માટે લોકો ઉમટયા હતા. ગીર સોમનાથના કોડીનારની શીંગવડા નદી અને જૂનાગઢમાં ભારે વરસાદના પગલે ઓઝત નદીમાં ભારે પુર આવ્યું નદીનો પ્રવાહ એટલો જોરદાર અને ધસમસતો હતો કે જો કોઈ આની લપેટમાં આવી જાય તો સમજો કે જાનથી હાથ ધોવાનો વારો આવે.આપને જણાવી દઈએ કે, એક તરફ સૌરાષ્ટ્રમાં શ્રીકાર વર્ષા ચાલી રહી છે અને બીજી તરફ રાજ્યના હવામાન વિભાગે આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી કરેલ છે ત્યારે હવે જોવું જ રહ્યું કે,આગામી સમયમાં વરસાદ કેવી માત્રામાં પડે છે.

## રક્તદાન મહાદાન

# કેન્દ્રીય મંત્રીએ આદિવાસીઓને કહ્યું, 'વિજય માલ્યા જેવા સ્માર્ટ બનો'

### પોતાના ભાષણમાં જણાવ્યું કે,તમે લોકો વિજય માલ્યાને ગાળો આપો છો પરંતુ કોણ છે વિજય માલ્યા? તે એક સ્માર્ટ વ્યક્તિ છે તેમણે કેટલાક બુદ્ધિમાન વ્યક્તિઓને કામે રાખ્યા અને પછી બેક્રો, રાજકારણી, સરકારને પોતાના પ્રભાવમાં લીધા હતા



**(એજન્સી)હૈદરાબાદ**

કેન્દ્ર સરકારમાં આદિજાતિ બાબતોના કેન્દ્રીય મંત્રી જુએલ ઉરાંવે આદિવાસીઓને પ્રેરણા આપવા માટે દેશના ભાગેડુ લિકર કિંગ વિજય માલ્યાથી પ્રેરિત થવા સલાહ આપતી વિવાદનો મધપૂડો છંછેડાયો છે. શુક્રવારે જુએલ ઉરાંવે એક કાર્યક્રમમાં આદિવાસીઓને સંબોધતા ઉદ્યોગસાહસિકતા માટે પ્રેરણા આપી રહ્યા હતા. તેમણે આદિજાતિના લોકોને જણાવ્યું કે,ફક્ત હાર્ડ વર્ક ના કરો, સ્માર્ટ વર્કર બનો. મંત્રીએ આ દરમિયાન ઉદાહરણ આપતા લોકોને ભારતીય બેક્રોનું કરોડોનું ફુલેકું ફેરવનાર લિકર કિંગ વિજય માલ્યા વિશે ઉલ્લેખ કર્યો હતો. ઉરાંવે કહ્યું કે વિજય માલ્યા ખોટા કામોમાં ફસાતા પૂર્વે પોતાના બિઝનેસને સફળ બનાવ્યોહતો. તેમની સફળતાથી પ્રેરિત થવું જોઈએ. જુએલ ઉરાંવે હૈદરાબાદમાં આયોજિત પ્રથમ 'રાષ્ટ્રીય આદિજાતિ ઉદ્યમી સંમેલન'ને સંબોધન કર્યું હતું. તેમણે પોતાના ભાષણમાં જણાવ્યું કે,તમે લોકો વિજય માલ્યાને ગાળો આપો છો. પરંતુ કોણ છે વિજય માલ્યા? તે એક સ્માર્ટ વ્યક્તિ છે. તેમણે કેટલાક બુદ્ધિમાન વ્યક્તિઓને કામે રાખ્યા અને પછી બેક્રો, રાજકારણી, સરકારને પોતાના પ્રભાવમાં લીધા હતા. આ રીતે સ્માર્ટ બનવાથી તમને કોણ રોકે છે? આદિવાસીઓને કોણે કહ્યું છે કે સિસ્ટમ પર પોતાનું પ્રભુત્વ ના દર્શાવો. બેક્રોને પ્રભાવિત ના કરવા તમને કોણ રોકે છે.સંમેલનમાં તેમણે આદિવાસીઓને જણાવ્યું કે આદિવાસી હોવાનું કંઈક નુકસાન છે તો સામે કેટલાક ફાયદા પણ છે. જેમ કે આદિવાસીઓને શિક્ષણ સંસ્થાો અને સરકારી નોકરીઓમાં અનામતનો લાભ મળે છે. જેથી આનો લાભ લઈને લોકો જીવનધોરણ વધુ સારુ બનાવી શકે છે.ઉરાંવના મતે, આદિવાસી હોવાનું નુકસાન એ છે કે જો કોઈ આદિવાસી પોતાના જીવનમાં સફળ થાય છે તો તેને ઓળખ નથી મળતી. તેમની સફળતાને લોકો અનામત સાથે જોડીને જુએ છે અને આ દ્રષ્ટિકોણને લીધે તેમની સાથે અલગ વર્તન કરે છે. આ જ કારણથી મોટાભાગના આદિવાસી પોતાની સાથે ભેદભાવ થતો હોવાનો અહેસાસ કરે છે. ઉરાંવે જણાવ્યું કે આ જ કારણથી કેટલાય આદિવાસીઓ પોતાની અટક પણ છુપાવવા વાગ્યા છે.ઉંરાવે વધુમાં ઉમેર્યું કે, આપણે ઉદ્યમી બનવું જોઈએ, આપણે ઈન્ટેલિજન્ટ બનવું જોઈએ. સ્માર્ટ બનતા શીખવું જોઈએ અને માહિતી પ્રાપ્ત કરવી જોઈએ. જ્ઞાન જ તાકાત છે, જેની પાસે જ્ઞાન છે, તેની પાસે તાકાત છે. આ કાર્યક્રમમાં ૧,૦૦૦થી વધુ આદિવાસી ઉદ્યમી હાજર રહ્યા હતા.આ કાર્યક્રમમાં તેલંગાણાના નાણાં મંત્રી ઈટાલા રાજેન્દ્ર પણ ઉપસ્થિત હતા. ઈટાલાએ જણાવ્યું કે બેક્ર પણ આદિવાસીઓ સાથે ભેદભાવ કરે છે. આદિવાસીઓને ધિરાણ આપવા માટે આનાકારી કરાઈ છે જેથી બેક્રોએ તેમના નિયમો સુધારવા જોઈએ. તેમણે પણ માલ્યાનું ઉદાહરણ ટાંકતા જણાવ્યું હતું કે બેક્ર માલ્યા જેવા બિઝનેસમેનને હજારો કરોડોની લોન આપે છે ત્યારે કંઈ વિચારતી નથી પરંતુ ઈમાનદાર આદિવાસીને એક કરોડની લોન આપવામાં ખચકાય છે. બેક્રો પોતાનું વલણ બદલવું જોઈએ.

## ગીર સોમનાથના ઊના પંથકમાં ધોધમાર વરસાદ, ગામડાઓમાં એલર્ટ જાહેર

**(એજન્સી)ગીરસોમનાથ**

ગીર-સોમનાથ જિલ્લાના ઊનાના દરિયા કાંઠાના ગામોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. અહીં મોડી રાતથી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. ઊનાના પાલડી ગામમાં વરસાદી પાણી ઘુસી ગયા છે.પાલડી ગામમાંથી વરસાદી પાણીનો ધસમસતો પ્રવાહ વહી રહ્યો છે અને દરિયામાં પણ ભરતી હોવાના કારણે પાણીનો નીકાલ થતો નથી જેના કારણે ગામમાં પાણી ભરાઈ ગયા છે.તેમજ અહીં ૩ કલાકમાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેના કારણે અહીંના મચ્છુન્દ્રિ ડેમમાં પાણીની આવક થતાં જલસપાટીમાં વધારો થયો છે.ડેમની સપાટીમાં વધારો થતાં ગામડાઓમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

# પીએમ મોદીએ દેશનાં સૌથી લાંબા પૂર્વાંચલ એક્સપ્રેસનો કર્યો શિલાન્યાસ

### જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, પૂર્વી ભારતમાં હવે વિકાસની એક નવી ગંગા વહેશે

**(એજન્સી)આઝમગઢ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝમગઢમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વેનું શિલાન્યાસ કર્યું છે. આ દરમ્યાન તેઓએ જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, પૂર્વી ભારતમાં હવે વિકાસની એક નવી ગંગા વહેશે. આ ગંગા પૂર્વાંચલ એક્સપ્રેસ-વેની રીતે આપને મળવા જઇ રહી છે. તેઓએ કહ્યું કે, આ ગંગા પૂર્વાંચલ એક્સપ્રેસ-વેથી યુવાઓને રોજગાર મળશે. આ સાથે જ બુંદેલખંડમાં પણ આવો જ એક્સપ્રેસ-વે બનાવવાનો નિર્ણય લેવામાં આવશે.તેઓએ સંબોધનની શરૂઆત પોતાનાં ચિર-પરિચિતનાં અંદાજે કરતા કહ્યું કે, હું આ ધરતીને પ્રણામ કરૂ છું. તેઓએ કહ્યું કે પૂર્વી ઉત્તર પ્રદેશનું ગામ હવે વિકાસનું કેન્દ્ર બનશે અને સૌથી મોટી વાત તો એ છે કે આ એક્સપ્રેસ વેનાં બની જવાંથી આ ક્ષેત્રનાં લોકોની બચત થશે. પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર ૨૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધારે ખર્ચ કરવામાં આવશે. લખનઉથી લઇને ગાજીપુરનાં રસ્તામાં જેટલાં પણ શહેર-કસ્બા અને ગામ આવશે ત્યાંની તસ્વીર બદલવા જઇ રહી છે. તેઓએ કહ્યું કે, અમારા દ્વારા રોજગારનાં નવા અવસર પેદા કરવા અને દેશનાં ખેડૂત, ગરીબ અને પછાતોનું જીવન સુધારવા માટેની સતત કોશિશ કરવામાં આવી રહી છે. આ દરમ્યાન પ્રધાનમંત્રી મોદીએ ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પણ બરાબર પ્રશંસા કરી. તેઓએ કહ્યું કે, છેલ્લાં એક વર્ષમાં જે રીતે યોગી આદિત્યનાથની સરકારે ઉત્તર પ્રદેશમાં કામ કર્યું છે તે વધુ અભૂતપૂર્વ છે. યોગીજીએ મોટા રોકાણને લાવવા અને નાના વેપારને સુગમ બનાવવા માટે કામ કર્યું છે. આજે ઉત્તર પ્રદેશમાં જનતાનો રૂપિયો જનતાની ભલાઇ માટે ઉપયોગ કરવામાં આવી રહેલ છે. સરકારની નવી કાર્ય સંસ્કૃતિ પ્રદેશને નવી ઉંચાઇઓ પર લઇ જશે. જ્યારે પહેલાની સરકારની નીતિ એવી રહી છે કે ઉત્તર પ્રદેશ વિકાસની રીતે હંમેશાં જ પાછળ રહ્યું છે.તેઓએ કોંગ્રેસ પર પણ હુમલો કરતા કહ્યું કે, ૨૦૧૪થી પહેલાં દેશમાં જેટલી લંબાઇનાં રાષ્ટ્રીય રાજમાર્ગ હતાં તે આજે બે ઘણાં થઇ ગયાં છે. આઝાદી બાદ જેટલું કામ થયું છે તેટલું કામ ભાજપ સરકારે માત્ર ૪ વર્ષમાં કરીને દેખાડ્યું છે. તેઓએ (કોંગ્રેસ) તો માત્ર પોતાનાં પરિવારનું જ ભલું કર્યું છે. તેઓએ કહ્યું કે વિકાસને માટે સાફ નીયત હોવી જોઇએ.

# પુરીમાં ફૂલોથી સજાવેલ પાલખી સાથે ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઇ

### સવારે જ્યારે ૮-૦૦ વાગ્યે પુરીમાં મંદિરના કપાટ ખોલવામાં આવ્યા ત્યારે ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી હતી

**(એજન્સી)પુરી**

આજે અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે ઓરિસામાં જગન્નાથ પુરી અને ગુજરાતના અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નગરચર્યાએ નીકળી ગઈ છે. ભગવાન જગન્નાથ ફૂલોથી સજાવેલ પાલખી સાથે નગર ભ્રમણ માટે અને પોતાના ભકતોને સામે ચાલીને દર્શન આપવા માટે નીકળી ચૂકયા છે. જગન્નાથ પુરીમાં રથયાત્રાના આરંભ પહેલાં ૧૦૮ દીવાથી ભગવાનની આરતી કરવામાં આવી હતી. રથયાત્રાને લઇને મંદિર સંકુલ અને સમગ્ર શહેરમાં સુરક્ષા બંદોબસ્ત કરવામાં આવ્યો છે. આજે સવારે જ્યારે ૮-૦૦ વાગ્યે પુરીમાં મંદિરના કપાટ ખોલવામાં આવ્યા ત્યારે ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી હતી. જગન્નાથ પુરીની રથયાત્રા અષાઢ મહિનામાં દ્વિતીય શુકલા પક્ષથી શરૂ થાય છે. ૨૦૧૮ની રથયાત્રા ૧૪ જુલાઈથી શરૂ થઈને ૨૬ જુલાઈના રોજ પૂર્ણ થશે.પુરીની રથયાત્રામાં ભગવાન જગન્નાથનો રથ પીળા અને લાલ કપડાંનો બનેલો હોય છે. જેમાં ૧૬ પૈડાં લાગેલાં હોય છે. જ્યારે તેમના ભાઇ બલભદ્રનો રથ લીલા અને લાલ રંગનો હોય છે. જેમાં ૧૪ પૈડાં લાગેલાં હોય છે. સુભદ્રાજીનો રથ કાળા અને લાલ રંગનો હોય છે. જેમાં ૧૨ પૈડાં લાગેલાં હોય છે.અત્રે ઉલ્લેખનીય છે કે દર ૧૯ વર્ષે જગન્નાથ પુરીના મંદિરમાં મૂર્તિઓને સંપૂર્ણપણે બદલી નાખવામાં આવે છે. છેલ્લે આ ધાર્મિક ક્રિયા ૨૦૧૫માં કરવામાં આવી હતી. રથયાત્રામાં રથ ખેંચવાનો કાર્યક્રમ બપોર બાદ જ થાય છે. રથયાત્રા શરૂ થતાં પહેલાં શ્રદ્ધાળુઓ બે ત્રણ કલાક અગાઉ મંદિર સંકુલ પાસે પહોંચી જાય છે અને ત્યાર બાદ તમામ રોડ બ્લોક કરી દેવામાં આવે છે. પોલીસની ભારે સંખ્યાને કારણે માત્ર એમ્બ્યુલન્સ જ રથયાત્રાના રૂટ પરથી પસાર થઈ શકે છે. ભગવાન જગન્નાથના મુખ્ય મંદિરની આસપાસ ૩૦ નાનાં મંદિર છે જેના દર્શન માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામે છે. જોકે સૌથી વધુ ભીડ ત્રણ મુખ્ય મંદિરમાં જ જોવા મળે છે.રથયાત્રામાં ભાગ લેવા દેશમાંથી હજારો લોકો આવે છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રથયાત્રા નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે રથયાત્રા ઉત્સવ શરૂ થવા પર દેશવસીઓને અભિનંદન અને શુભકામનાઓ. ભગવાન જગન્નાથના આશીર્વાદથી દરેકના જીવન શાંતિ, ખુશી અને સમૃદ્ધિ સભર બને. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટ્વિટ કરીને જગન્નાથ યાત્રાની શુભકામનાઓ વ્યકત કરી છે. પીએમ મોદીએ જણાવ્યું છે કે ભગવાન જગન્નાથના આશીર્વાદથી દેશ નવી ઊંચાઇઓ પર પહોંચશે.

## ભારતીય રેલવેમાં ૯૦ હજાર જગ્યાઓ માટે લેવાશે પરીક્ષા

**(એજન્સી)નવીદિલ્હી**

રેલવેનાં ૯૦ હજાર પદો પર આવેદન કરનારા ઉમેદવારો રેલવે રિક્રૂટમેન્ટ બૉર્ડ તરફથી એપ્લિકેશન સ્ટેટસ જાહેર કર્યા બાદ હવે પરીક્ષાની તિથિ જાહેર થવાની રાહ જોઇ રહ્યા છે. રેલવે રિક્રૂટમેન્ટ બૉર્ડની તરફથી ગ્રુપ સી અને ડીની અંદાજે એક લાખ જગ્યાઓ માટે ભરતી જાહેર કરવામાં આવી છે, જેના માટે દોઢ કરોડ ઉમેદવારોએ આવેદન કર્યું છે. બૉર્ડ તરફથી આ જગ્યાઓ સંબંધિત નોટિફિકેશન માર્ચ ૨૦૧૮માં જાહેર કરવામાં આવ્યું હતુ.રિક્રુટમેન્ટ બૉર્ડે ૧૧ જુલાઈનાં રોજ ઑફિશિયલ વેબસાઇટ પર એપ્લિકેશન સ્ટેટ્સ લિંકને એક્ટિવેટ કર્યું હતુ. આ લિંક પર ક્લિક કર્યા પછી તમે જાણકારી મેળવી શકો છો કે રેલવેએ તમારી એપ્લિકેશન સ્વીકાર કરી છે કે નહી. અંદાજે ૮૬ લાખ ઉમેદવારોનાં આવેદન રેલવેએ રિજેક્ટ કર્યા છે.

# તામિલનાડુના ચાર વિદ્યાર્થીઓએ દુનિયાનો સૌથી નાનો સેટેલાઇટ બનાવ્યો

### આ સેટેલાઇટની મદદથી હવામાનની આગાહી કરી શકાશે જેને તૈયાર કરવામાં બે અઠવાડિયાનો સમય લાગ્યો હતો

**(એજન્સી)ચેન્નાઇ**

તામિલનાડુના કેલમબક્કમ સ્થિત હિન્દુસ્તાન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના સાયન્સ સ્ટ્રીમના પ્રથમ વર્ષના ચાર વિદ્યાર્થીઓએ જયહિંદ વનએસ નામનો ૩૩.૩૯ ગ્રામનો દુનિયાનો સૌથી નાનો સેટેલાઇટ બનાવ્યો છે. જેને અમેરિકાની નાસા એજન્સી ઓગસ્ટ મહિનામાં લોંચ કરશે. નાસા દ્વારા લોંચ થતા આ સેટેલાઇટ પ્રોજેક્ટથી વિદ્યાર્થીઓએ ખુશી વ્યક્ત કરી હતી.૩ડી પ્રિન્ટેડ પીએલએ નાયલોનથી બનેલા સેટેલાઇટને ત્રણ પરીક્ષણ માટે તૈયાર કરવામાં આવ્યો છે. જયહિંદ વનએસ સેટેલાઇટ પ્રોજેક્ટના એક સભ્ય જી. સુધીએ કહ્યું હતું કે, આ સેટેલાઇટ બનાવવામાં માત્ર ૧૫,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. આ સેટેલાઇટની મદદથી હવામાનની આગાહી કરી શકાય છે. આ સેટેલાઇટ તૈયાર કરવામાં બે અઠવાડિયાનો સમય લાગ્યો હતો. વિદ્યાર્થીઓ કે જે હરિકૃષ્ણન, પી અમરનાથ, ટી ગિરિ પ્રસાદે આ પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો.આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ માઇક્રોગ્રેવિટીમાં નાયલોનની કાર્યશીલતાને તપાસવાનો છે. આ સાથે હવામાનની જાણકારી જેવી કે વરસાદી સિસ્ટમને સમજવા માટે ઉપયોગમાં લેવાશે. સેટેલાઇટની મદદથી તાપમાન, હવામાન, દબાણ, અવાજ તથા યુવી કિરણોની તીવ્રતા અંગે જાણકારી મેળવી શકાશે.વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે, આ સેટેલાઇટ ૧૫થી ૨૦ કલાક સુધી કામ કરશે, ૬૫ થી ૭૦ કિમી સુધી યાત્રા કરશે. સેટેલાઇટ સ્પર્ધાના ભાગરૂપે આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ગત વર્ષે ૬૪ કિલોનો સેટેલાઇટ બનાવ્યો હતો. જેમાં માઇક્રો એસડી કાર્ડનો ઉપયોગ ડેટા સ્ટોર કરવા માટે કરવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક મેઘમહેર, ૧૬ ડેમ ઓવરફ્લો, ૧૮ જળાશયોમાં નવા નીર

### સુરેન્દ્રનગર, જામનગર સહિતનાં ત્રણ-ચાર જિલ્લાઓ વરૂણદેવની કૃપા વરસવાની પ્રતીક્ષા કરતા રહી ગયા



**(એજન્સી)રાજકોટ**

લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે સાર્વત્રિક મેઘમહેરે સૌરાષ્ટ્રમાં લીલાલહેર કરાવતો આનંદ વરસાવ્યો છે. જેમાં પાંચ જિલ્લા પર સાર્વત્રિક કહી શકાય તેવો ૧ થી ૧૭ ઈંચ વરસાદ પડતાં સૌરાષ્ટ્રના ૧૬ ડેમ ઓવરફ્લો થયા હતા. જ્યારે ૧૮ જળાશયોમાં નવા પાણીની આવક થઈ છે. બીજી તરફ સુરેન્દ્રનગર, જામનગર સહિતનાં ત્રણ-ચાર જિલ્લાઓ વરૂણદેવની કૃપા વરસવાની પ્રતીક્ષા કરતા રહી ગયા છે. જુનાગઢના ગિરનાર પર ૧૭ કલાકનો ૧૭ ઈંચ વરસાદ પડતા ઝરણાઓ નદીમાં ફેરવાયા હતા. તો કોડીનારમાં ૨૪ કલાકમાં ૧૦ ઈંચ વરસાદે જળસંકટ સર્જ્યું હતું. માણાવદર પંથકમાં ૧૦ તથા માળિયા હાટીનાનો ૮ ઈંચ વરસાદ મહત્તમ છે. જ્યારે જૂનાગઢ, ભેસાણ, કેશોદમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. ગીર-સોમનાથ જિલ્લા પર પાંચમા દિવસે પણ વરસેલા ભરપૂર વરસાદે ખેતર તેમજ ખેડૂતોને ધરવી દીધાં છે. અમરેલી જિલ્લામાં કુંકાવાવમાં ૮, રાજુલામાં ૬ મળી અડધાથી ૮ ઈંચ સાર્વત્રિક મેઘમહેર થઈ છે. ભાવનગરમાં ગઢડામાં પોણા બે ઈંચ, સિહોરમાં એક ઈંચ જ્યારે દીવમાં અઢી, જામનગર જિલ્લામાં બે તાલુકા મથકોએ એક ઈંચ વરસાદ નોંધાયો છે. આ વરસાદમાં અનેક વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ વચ્ચે ધારીમાં બે બળદ અને ઈન્દ્રા ગામે ભેંસનાં મૃત્યુ થયાં છે. જ્યારે રીબમાં કાચુ મકાન અને દિવાલ ધરાશાયી થયા હતા. રાજકોટ જિલ્લામાં અડધાથી પાંચ ઈંચ સાર્વત્રિક વરસાદે લોકોને ખુશ કરી દીધા છે. સિંચાઈ વર્તુળ એકામમાંથી મળતી વિગતો મુજબ સૌરાષ્ટ્રના ૧૮ જેટલા ડેમોમાં નવા નીરની આવક થઈ છે. જ્યારે મોટી કુંકાવાવનો સોનલ ડેમ, જુનાગઢનો વિલિંગટન અને આણંદપુર વંથલી ઓઝત વિયર, ગોંડલના પાટીયાળી ગામ નજીકનો મોતીસર, ખંભાનો રાયડી અને કંટાળા સહિતના ૧૬ જળાશયો છલકાયા છે. જ્યારે ૩-૪ ગામોને પાણી પુરૂ પાડતો ધોરાજીના ફોફળ ડેમમાં એક જ દિવસમાં ૯ ફૂટ પાણીની આવક થતા આ ગામોની પીવાના પાણીની સમસ્યા લગભગ ઉકેલાઈ ગઈ છે. તેમજ ભાદર ડેમની સપાટી પણ ૨૧ ફૂટે પહોંચી જતા લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

## અઠવાડિયામાં મહેન્દ્રસિંહ ભાજપનો ખેસ ઉતારે નહીં તો પિતા-પુત્રના સંબંધો પૂરા : શંકરસિંહ

**(પ્રતિનિધિ)અમદાવાદ**

ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન શંકરસિંહના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા આજે ભાજપમાં જોડાતા શંકરસિંહનો પીત્તો ગયો હોય તેમ લાગે છે. આજે બપોરે તેમણે જણાવ્યું હતું કે એક અઠવાડિયામાં પુત્ર મહેન્દ્રસિંહ ખભેથી ભાજપનો ખેસ ઉતારે નહીં તો પિતા-પુત્રના સંબંધો પર પૂર્ણવિરામ આવી જશે.તેમણે એમ પણ કહ્યું હતું કે પુત્ર મહેન્દ્રસિંહ ભાજપમાં જોડાયા તો તેમણે મને પૂછ્યું નથી. કોઈપણ રાજકીય નેતાએ કોઈ નિર્ણય લેવો હોય તો પ્રજાને કે ટેકેદારોને પૂછવું જોઈએ. શંકરસિંહનું કહેવું છે કે ભાજપ દ્વારા મહેન્દ્રસિંહને કોઈ દબાણ કરવામાં આવ્યું હશે તો તેઓ તે અંગે વાત કરશે.તેમણે એમ પણ કહ્યું હતું કે તેમને ભાજપથી ડર લાગતો નથી. તેમને સીબીઆઇ કે અન્ય કોઈ ઓથોરિટીનો પણ ડર લાગતો નથી. આ તબક્કે તેમણે લોકસભાની ચૂંટણી પહેલા રાજકારણમાં સક્રિય થવાનો પણ સંકેત આપ્યો હતો.ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી ટાણે કોંગ્રેસ સાથે છેડો ફાડનારા શંકરસિંહે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા જનવિકલ્પ પાર્ટીની સ્થાપના કરી હતી. જોકે મહેન્દ્રસિંહ વાઘેલા તેમની સાથે જોડાયા નહોતા.

# ખોડલધામના પ્રમુખપદેથી પરેશ ગજેરાનું રાજીનામું, ટ્રસ્ટમાં કોઇ વાદ-વિવાદ નથી : નરેશ પટેલ

### ગજેરાએ રાજીનામું આપતાની સાથે જ નરેશ પટેલે ટ્રસ્ટના પ્રમુખપદની જવાબદારી સંભાળી લીધી

**(એજન્સી)રાજકોટ,**

ખોડલધામ ટ્રસ્ટમાં વિખવાદ સતત વધતો જઈ રહ્યો છે. ટ્રસ્ટના પ્રમુખ પદેથી પરેશ ગજેરાએ રાજીનામું આપી દીધું છે.. પરેશ ગજેરાના રાજીનામાને લઈને અનેક તર્કવિતર્ક પણ સર્જાયા છે. જોકે ગજેરાએ રાજીનામું આપતાની સાથે જ નરેશ પટેલે ટ્રસ્ટના પ્રમુખપદની જવાબદારી સંભાળી લીધી છે. ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ પરેશ ગજેરાએ અચાનક આપેલા રાજીનામાં અંગે ટ્રસ્ટના પ્રણેતા અને ચેરમેન નરેશ પટેલે પ્રતિક્રિયા આપી છે. નરેશ પટેલે જણાવ્યું હતું કે, આજે ખોડલધામ ટ્રસ્ટની બેઠક મળી હતી જેમાં પરેશ ગજેરાએ પોતેના વ્યસ્તતાને કારણે જવાબદારીમાંથી



મુકત કરવાની માગ કરી હતી.કારણ કે, પરેશ ગજેરા ક્રેડાઈ અને રાજકોટ બિલ્ડર એસોસિએશન પ્રમુખ છે. જેની વ્યસતતાના કારણે તેણે રાજીનામુ આપ્યું હતું. ખોડલધામમાં કોઇ વાદ કે વિવાદ નથી. આગામી દિવસમાં કોઈ યુવાનને તૈયાર કરી પ્રમુખ બનાવવામાં આવશે. ખોડલ ધામના પ્રમુખ ગજેરાના રાજીનામાં બાદ નરેશ પટેલે નિવેદન આપ્યું છે. નરેશ પટેલે જણાવ્યું કે આજે ખોડલધામ ટ્રસ્ટની બેઠક મળી હતી. આ બેઠકમાં પરેશ ગજેરાએ રાજીનામું આપ્યું. વ્યસ્તતાને કારણે પરેજ ગજેરાએ રાજીનામું આપ્યું છે. પરેશ ગજેરા ક્રેડાઇ અને રાજકોટ બિલ્ડર એસોસિએશનના પ્રમુખ છે. ખોડલધામમાં કોઇ વાદ કે વિવાદ નથી.

## 'હિંદુ પાકિસ્તાન' કોમેન્ટ પર શશી થરુરને કોર્ટનો સમન્સ

**(એજન્સી)નવીદિલ્હી**

કોંગ્રેસ સાંસદ અને વરિષ્ઠ નેતા શશી થરુરને તેમની 'હિંદુ પાકિસ્તાન'વાળી કોમેન્ટને લઇને કોલકાતાની અદાલતે સમન્સ બજાવ્યો છે. શશી થરુરે તાજેતરમાં તિરુવનંતમપુરમ્ ખાતે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે જો ભાજપ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી જીતશે તો અમારું માનવું છે કે આપણું લોકતાંત્રિક બંધારણ બચશે નહીં. ભાજપ લોકતાંત્રિક બંધારણના પાયાના સિદ્ધાંતોને તહસનહસ કરવા એક નવું બંધારણ લખશે. તેમનું નવું બંધારણ હિંદુ રાષ્ટ્રનાં સિદ્ધાંત પર આધારિત હશે.લઘુમતીઓને મળતી સમાનતા ખતમ કરી નાખવામાં આવશે અને ભારત હિંદુ પાકિસ્તાન બની જશે. શશી થરુરનાં આ નિવેદનને લઇને સુમિત ચૌધરી નામના વકીલે તેમના પર બંધારણનું અપમાન અને ધાર્મિક લાગણીઓને દુભાવવાનો આરોપ મૂકીને એક કેસ દાખલ કર્યો હતો.

• Printer / Publisher / Owner / Editor : Jayantilal G. Patel • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382 028 • Published : 229, At. Post. Chiloda, Ta. & Dist. Gandhinagar (GUJARAT) 382355

# કેરાલામાં કોંગ્રેસ એક મહિનો જપશે રામનામ

## રામાયણ મહિનાની ઉજવણી નિમિત્તે કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન

**(એજન્સી)કોચી**

કેરાલામાં રાજકીય પાર્ટીઓને અચાનક જ ભગવાન રામની યાદ આવી ગઈ છે. ડાબેરીઓ બાદ કોંગ્રેસ પણ કેરાલામાં રામનામ જપવાની તૈયારી કરી રહી છે. કેરાલામાં દર વર્ષે મલયાલમ કેલેન્ડરના છેલ્લા મહિનાને રામાયણ મહિના તરીકે મનાવવામાં આવે છે.આ મહિનો આ વખતે ૧૭ જુલાઈથી શરુ થઈ રહ્યો છે.જોકે આ વખતે સૌથી મોટુ આશ્ચર્ય ડાબેરી સંગઠનો દ્વારા રામાયણ મહિનાની ઉજવણીની જાહેરાતનુ રહ્યુ છે. હવે કોંગ્રેસ પણ પાછળ રહેવા માંગતી નથી.કેરલ પ્રદેશ કોંગ્રેસ કમિટિની સાંસ્કૃતિક શાખાએ રામાયણ પારાયણ સહિત સેમિનારો અને બીજા ઢગલાબંધ કાર્યક્રમના આયોજનની જાહેરાત કરી છે.આ કાર્યક્રમો ...રામાયણ અમારુ છે ...બેનર હેઠળ યોજવામાં આવશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રમેશ ચેન્નીથલા ૧૭ જુલાઈએ રામાયણ મહિનાની ઉજવણીનો પ્રારંભ કરાવશે.જ્યારે હિન્દુ પાકિસ્તાનની આગાહી કરનાર કોંગ્રેસી નેતા શશિ થરુર રામાયણ આપણુ છે તે વિષય પર એક લેક્ચર આપશે. આ પહેલા ડાબેરી પાર્ટીઓ અને સમર્થકો સાથે સહાનૂભૂતી રાખનાર સંસ્કૃત સંઘે રામાયણ મહિનાની ઉજવણીની જાહેરાત કરતા ઘણાએ આશ્ચર્ય અનુભવ્યુ હતુ.કારણકે ડાબેરી સંગઠનો સામાન્ય રીતે ધાર્મિક રીતિ રિવાજોમાં નહી માનતા હોવાનો દાવો કરતા હોય છે.જોકે સંસ્કૃત સંઘે એ ખબરોને રદિયો આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યુ હતુ કે આ સંગઠન સત્તાધારી માર્કસવાદી પાર્ટીની જ શાખા છે.

# દ.ગુજરાત બાદ સૌરાષ્ટ્રની હાલત ખરાબ, વેરાવળ અને જૂનાગઢ જળબંબાકાર

## સમઢિયાળા, ગીર, સમઢિયાળા અને માળીયા સહિતના વિસ્તારમાં પડેલા વરસાદ બાદ ગડુ શેરબાગની મેઘલ નદીમાં ઘોડાપુર : માંગરોળ તેમજ આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ

**(એજન્સી)જૂનાગઢ**

ગીર સોમનાથ જિલ્લામાં સતત બીજા દિવસે પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. તેમાં પણ ખાસ કરીને વેરાવળ, ઉના અને સુત્રાપાડાને મેઘરાજાએ ધમરોળી નાંખતા અનેક વિસ્તારો પાણીમાં ગરક થયા હતા. જિલ્લાભરમાં વરસી રહેલા વ્યાપક વરસાદને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું હતું. સૌપ્રથમ વાત કરીએ વેરાવળની. તો વેરાવળમાં સતત બીજા દિવસે મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. સતત વરસાદને કારણે વેરાવળના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. જાહેર માર્ગો પર પાણી ભરાવાને કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોને હાલાકી પડી હતી. જિલ્લાનો ઉના પંથક સૌથી વધુ પ્રભાવિત થયો છે. ઉના પંથકમાં સતત ત્રીજા દિવસે ભારે વરસાદને કારણે મચ્છુન્દ્રી નદીમાં નવા નીરની આવક થતા નીચાણવાળા ગામડાઓને એલર્ટ કરાયા છે. ઉનાના દરિયાઇ કાંઠામાં ભારે વરસાદથી પાલડી ગામમાં પાણી ફરી વળ્યા હતા. દરિયાની ભરતી અને વરસાદી પાણી ધસમસતા વેગે ગામમાં ઘુસી જતા ગામમાં જાણે કે નદીઓ વહેતી થઇ હતી. ભારે વરસાદને પગલે પાદરુકા ગામ બેટમાં ફેરવાયું હતું. વરસાદી પાણી લોકોના ઘરોમાં ઘુસી જતા લોકોની હાલાકી વધી હતી. બીજી તરફ ઉનાના દેલવાડા કોઝવે પર જળ સપાટી વધતા દેલવાડાના ગોદરા ચોકની સોસાયટીમાં પાણી ભરાયા હતા. પાણી નિકાલની કોઇ વ્યવસ્થા ન હોવાથી રહીશોની મુશ્કેલી વધી હતી. ઉનાનું સુપ્રસિદ્ધ ગુપ્તપ્રયાગ તીર્થધામ પણ પાણીમાં ગરકાવ થયું હતું. ઉપરવાસમાં પડેલા વરસાદને પગલે તીર્થધામના તમામ કુંડ પાણીથી ભરાઇ ગયા હતા. સુત્રાપાડા પંથકમાં ભારે વરસાદને કારણે ભુવા ટીંબી ગામ બેટમાં ફેરવાયું હતું. ભુવા ટીંબીમાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થતા ગામના લોકો સંપર્ક વિહોણા બન્યા હતા. ગત વર્ષે પણ ભુવા ટીંબીમાં ભારે વરસાદને કારણે અસંખ્ય પશુઓના મોત થયા હતા. આ તરફ પ્રાચીનું સુપ્રસિદ્ધ માધવરાયજી મંદિર ફરી પાણીમાં ગરકાવ થયું છે. સરસ્વતી નદીમાં ઘોડાપુર બાદ માધવરાયજીની મૂર્તિ ૨૦ ફૂટ જેટલી પાણીમાં ડૂબી હતી. ગીર ગઢડા પંથકમાં પડેલા વરસાદના કારણે રૂપેણ નદીમાં ઘોડાપુર આવ્યું હતું. નદીમાં આવેલા પુરના કારણે ફરેડા ગામ સંપર્ક વિહોણું બન્યું હતું. નદીમાં વરસાદી પાણીનો અવિરત પ્રવાહ વહી રહ્યો હોવાથી નદીના જળસ્તરમાં વધારો થયો છે. જૂનાગઢ પંથકમાં પણ ધોધમાર વરસાદના પગલે અનેક તાલુકાઓ જળબંબાકાર થઇ ગયા છે. જૂનાગઢ શહેર તેમજ ગિરનાર પર્વત વિસ્તારમાં સવારથી જ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. તો જિલ્લાના માણાવદર અને માળીયા હાટીનામાં પણ મેઘમહેર જોવા મળી હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સમઢિયાળા, ગીર, સમઢિયાળા અને માળીયા સહિતના વિસ્તારમાં પડેલા વરસાદ બાદ ગડુ શેરબાગની મેઘલ નદીમાં ઘોડાપુર આવ્યું હતું. બીજી તરફ માંગરોળ તેમજ આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ઉપરવાસમા પડેલા ભારે વરસાદને કારણે માંગરોળ પંથકને પાણી પુરૂ પાડતો લંબોરા ડેમ ઓવરફ્લો થયો હતો. માંગરોળ પંથકમાં વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતો ખુશખુશાલ થયા હતા. જો કે કેટલાક ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા. તો કેશોદ પંથકમાં પણ ગાજવીજ સાથે મેઘરાજાએ પધરામણી કરી હતી. કેશોદમાં ધોધમાર વરસાદના કારણે શહેરના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થયા હતા.

# ભારતની વેપાર ખાધ ૫ વર્ષની સૌથી ઊંચાઇ પર પહોંચી

## તેલની કિંમતોમાં થઇ રહેલો ઝડપી વધારો અને નબળા રૂપિયાને કારણે ખાધ વધી



**(એજન્સી)નવીદિલ્હી**

ભારતની વેપાર ખાધ જૂન મહિનામાં છેલ્લા ૫ વર્ષની સૌથી ઊંચાઇ પર પહોંચી છે. શુક્રવારે નાણા મંત્રાલય તરફથી આપવામાં આવેલી જાણકારી પ્રમાણે તેલની કિંમતોમાં થઇ રહેલો ઝડપી વધારો અને નબળા રૂપિયાને કારણે આવી સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. ભારત તરફથી અલગ અલગ ઉત્પાદનોનું એક્સપોર્ટ ગયા વર્ષની સરખામણીએ જૂનમાં ૧૭.૫૭ ટકા વધ્યું છે. મેમાં આ આંકડો ૧૪.૬૨ અજબ ડૉલર હતો જે જૂનમાં વધીને ૧૬.૬ બિલિયન ડૉલરે પહોંચ્યો છે. જો કે કાચા તેલનું ઈમ્પોર્ટ પણ ૫૬.૬૧ પર્સેન્ટ વધીને ૧૨.૭૩ બિલિયન ડૉલર થઇ ગયું છે. દુનિયામાં કાચા તેલની સૌથી વધુ આયાત કરનારા દેશોમાં ત્રીજા નંબરે ભારત છે અને આ સ્થિતિ ચિંતાજનક છે. ખાસ કરીને અમેરિકા તરફથી ઈરાન પર પ્રતિબંધ લગાવવાનાં કારણે ગ્લોબલ માર્કેટમાં તેલની અછત થવાની સંભાવના છે. જો આવુ થશે તો ભારતે પોતાનાં તેલ ઈમ્પોર્ટ કરવાનાં બજેટમાં વધારો કરવો પડશે. આવી સ્થિતિમાં ભારતની વેપાર ખાધ વધી શકે છે.ઈરાન સાથે ૨૦૧૫માં ન્યૂક્લિયર ડીલ કરનાર અમેરિકા સતત પોતાના સહયોગી દેશો પર પણ દબાવ નાખી રહ્યું છે કે તે તેહરાનથી કાચા તેલની ખરીદી ના કરે. ગત મહિને રૂપિયો ઑલ ટાઈમ લૉ પર ગયો હતો જેના કારણે પણ ટ્રેડ બેલેન્સમાં અછત આવી છે.

# ધો.૧૨ના પેપર તપાસવામાં શિક્ષકોએ કર્યા છબરડાં, એક માર્કની ભૂલે રૂ.૧૦૦ કપાશે

## ધોરણ ૧૨ની પરીક્ષામાં કુલ ૫૭૪૨ પરીક્ષક-શિક્ષકોએ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓની તપાસણીમાં ટોટલ સહીત અન્ય પ્રકારની ભૂલો કરી હોવાનું બહાર આવ્યું

**(પ્રતિનિધિ)ગાંધીનગર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વડોદરામાં ગત માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધોરણ ૧૨ની પરીક્ષામાં કુલ ૫૭૪૨ પરીક્ષક-શિક્ષકોએ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓની તપાસણીમાં ટોટલ સહીત અન્ય પ્રકારની ભૂલો કરી હોવાનું બહાર આવ્યું છે. ભૂલોના આધારે બોર્ડે સંબંધીત પરીક્ષક શિક્ષકોને નોટીસ મોકલી તેમનો ખૂલાસો માંગ્યો છે. ખૂલાસાના આધારે શિક્ષકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામા આવશે.માર્ચ-૨૦૧૮માં અંદાજે ૬ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ કોમર્સની તેમજ અંદાજે ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા આપી હતી. ત્યારબાદ માધ્યમિક શિક્ષણ બોર્ડે ઉત્તરવહીઓના ચકાસણીની કામગીરી હાથ ધરી હતી. ઉત્તરવહીઓ તપાસાઈ ગયા બાદ વિદ્યાર્થીઓનુ પરિણામ તૈયાર કરવાની મહત્વની કામગીરી બોર્ડે હાથ ધરી હતી. જો કે સોફ્ટ સ્વરૂપમાં પરિણામ તૈયાર કરતાં પહેલાં બોર્ડે ઉત્તરવહીઓનું ક્રોસ ચેકીંગ કર્યું હતુ. જેમાં પોણા છ હજાર પરીક્ષકોએ તપાસવામા છબરડા વાળ્યા હોવાનું બહાર આવતાં જ બોર્ડના અધિકારીઓ ચોંકી ઉઠયાં હતા. અને છબરડાની આ બાબત ગંભીરતાપૂર્વક લઈ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તેની તકેદારી રાખી પરિણામ સુધારવાની કામગીરી હાથ ધરી હતી.દરમિયાન માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીઓએ છબરડાં વાળનારા આ શિક્ષકોને પત્ર લખી તેમને જવાબ લખાવવા જણાવ્યું છે. જવાબના આધારે આ દોષિત શિક્ષકો સામે તેમણે કરેલાં છબરડાની માત્રાના આધારે આર્થિક સ્વરૂપે શિક્ષા કરવાની કાર્યવાહી હાથ ધરાશે.મા.શિક્ષણ બોર્ડના સૂત્રોએ પરીક્ષકોના છબરડાં અંગે જણાવ્યું હતુ કે, ધો.૧૨ કોમર્સના એક વિદ્યાર્થીએ પ્રશ્નના ઉત્તરમાં ૧.૫ માર્કસ મેળવ્યાં હતા. તેનું ટોટલ કરવામા પરીક્ષકે છબરડો વાળતાં તેના સીધા ૧૫ માર્કસ થઈ ગયાં હતા. અન્ય એક વિદ્યાર્થીની ઉત્તરવહીની ચકાસણીમાં પેપર તપાસનારા શિક્ષકે તેને ૧૦ માર્ક વધારે આપી દીધા હોવાનું બહાર આવ્યું હતુ. એક વિદ્યાર્થીને આ રીતે છબરડામાં જ ૨૩ માર્ક વધારે મળ્યાં હતા.પરીક્ષકો ભૂલો કરે તો તે માટે માધ્યમિક શિક્ષણ બોર્ડે આર્થિક સ્વરૂપે શિક્ષાની જોગવાઈ કરી છે. બોર્ડની જોગવાઈ પ્રમાણે પરીક્ષક જો એક માર્કની ભૂલ કરે તો તેને ૧૦૦ રૂપિયાનો દંડ થાય છે. તેવી જ રીતે બે ભૂલ કરે તો તે પ્રમાણે ૨૦૦ રૂ. દંડ થાય છે. દંડની રકમ આ રીતે પરીક્ષકે કરેલી ભૂલોની સંખ્યાના પ્રમાણમાં એકસોના ગુણાંકમાં વધતી જાય છે.

# સુરેન્દ્રનગર : માતાએ પ્રેમી સાથે મળીને ૧૭ વર્ષીય દીકરીની કરી નાંખી હત્યા

## પોલીસે પોલીસ સ્ટેશન બહાર જ આરોપી ઉમંગની સરભરા કરી હતી

**(એજન્સી)પાટડી**

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં ૧૭ વર્ષીય સગીરાની હત્યા ખૂદ તેની માતાએ પ્રેમી સાથે મળીને કરી નાંખતા ભારે ચકચાર મચી ગઈ છે. હાલ પોલીસે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. મહિલાના પ્રેમીની પોલીસ સ્ટેશન સામે જ પોલીસે સરભરા કરી હતી, તેનો વીડિયો હાલ વાયરલ થયો છે.આ અંગેની વિગતો એવી છે કે, પાટડીના ધામા ગામ ખાતે રહેતી કંકુબેન અને ઉમંગ ઠક્કરને પ્રેમસંબંધ હતા. આ પ્રેમસંબંધમાં ૧૭ વર્ષીય દીકરી કિંજલ આડખીલી બનતી હતી. ત્યારે કંકુ અને ઉમંગે તેનો કાંટો કાઢી નાંખવાનું નક્કી કર્યું હતું.કંકુબેને પ્રેમી ઉમંગ સાથે મળીને દીકરી કિંજલની છરીના અંસખ્ય ઘા મારીને હત્યા કરી નાંખી હતી. જોકે, ઝીંઝુવાડા પોલીસે ગણતરીના સમયમાં જ બંનેને પકડી પાડ્યા હતા અને શુક્રવારે બંનેને પાટડી કોર્ટમાં રજૂ કરતાં એક દિવસના રિમાંડ મંજૂર કરાયા હતા.પોલીસે શુક્રવારે પોલીસ સ્ટેશન બહાર જ આરોપી ઉમંગની સરભરા કરી હતી. હાલ, પોલીસ દ્વારા દંડાથી કરવામાં આવી રહેલી ધૂલાઇનો વીડિયો વાયરલ થતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી છે. આરોપીને પોલીસ સ્ટેશન લવાયો ત્યારે લોકોના ટોળેટોળા બહાર પહોંચી ગયા હતા.

# મહેબૂબાની આતંકવાદીઓવાળી ધમકીનો ભાજપે આપ્યો વળતો જવાબ

## રામ માધવે કહ્યું કે જ્યાં સુધી સલાઉદ્દીનના નામ પર ધમકી આપવાની વાત છે તો કેન્દ્ર સરકાર અને સુરક્ષા બળ ઘાટીના તમામ આતંકવાદીઓનો ખાત્મો બોલાવામાં સક્ષમ છે

**(એજન્સી)નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ મહેબૂબાની ખતરનાક પરિણામ ઝીલવાની અને સલાઉદ્દીન જેવા બીજા આતંકી પેદા થવાની ધમકી પર ભાજપે વળતો જવાબ આપ્યો છે. ભાજપે મહેબૂબા મુફ્તીના નિવેદનને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા કહ્યું છે કે સરકાર અને સેના ઘાટીના તમામ આતંકીઓના ખાત્મામાં સક્ષમ છે. આપને જણાવી દઇએ કે મહેબૂબા મુફ્તીએ કેન્દ્ર સરકાર અને ભાજપ પર પીડીપીને તોડવાની કોશિષનો આરોપ મૂકયો હતો. તેમણે કહ્યું હતું કે જો આવું થયું તો પરિણામ ૧૯૮૭થી પણ ભયાનક હશે. મહેબૂબાએ કહ્યું હતું કે ત્યારે જે રીતે સલાઉદ્દીન અને યાસીન મલિક પેદા થયા હતા, આ વખતે સ્થિતિ તેનાથી પણ ખરાબ હશે.ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ રામ માધવે મહેબૂબાના એ નિવેદન પર



ટિપ્પણી કરતાં કહ્યું કે તેમણે જે કહ્યું તે દુર્ભાગ્યપૂર્ણ છે. રામ માધવે કહ્યું કે દિલ્હીમાં કોઈપણ તેમની પાર્ટીને તોડવાની કોશિષ કરશે નહીં. પોતાના આંતરિક વિવાદોને ઉકેલવાની જગ્યાએ તે દિલ્હી પર આરોપ લગાવી રહ્યાં છે અને આતંકવાદના નામ પર ધમકાવી રહ્યાં છે. જ્યાં સુધી ભાજપની વાત છે ત્યાં સુધી અમે કોઈપણ પાર્ટીને તોડવાની કોશિષ કરી રહ્યાં નથી. રામ માધવે કહ્યું કે જ્યાં સુધી સલાઉદ્દીનના નામ પર ધમકી આપવાની વાત છે તો કેન્દ્ર સરકાર અને સુરક્ષા બળ ઘાટીના તમામ આતંકવાદીઓનો ખાત્મો બોલાવામાં સક્ષમ છે. રામ માધવે કટાક્ષ કરતાં કહ્યું કે તેમનો ખાત્મો બોલાવામાટે પણ સક્ષમ છીએ જે મહેબૂબાના લીધે આતંકવાદનો રસ્તો અપનાવી શકે છે.આની પહેલાં શુક્રવારના રોજ મહેબૂબાએ ભાજપ અને કેન્દ્ર સરકારને ૧૯૮૭ના ઘટનાક્રમની યાદ અપાવતા ચેતવણી આપી હતી. મહેબૂબાએ કહ્યું હતું કે જો દિલ્હી ૧૯૮૭ની જેમ લોકોને વોટિંગ રાઇટ્સને રદ કરવા, કાશ્મીરના લોકોને વહેંચવાની કોશિષ કરશે તો ખતરનાક સ્થિતિ ઉભી થશે. મહેબૂબાએ કહ્યું કે ત્યારે જે રીતે એક અલાઉદ્દીન અને યાસીન મલિક પેદા થયા હતા, આ વખતે સ્થિતિ વધુ ખરાબ થશે.આપને જણાવી દઇએ તે થોડાંક દિવસ પહેલાં જ પીડીપીના એક નેતાએ દાવો કર્યો હતો કે કેટલાંય ધારાસભ્ય પાર્ટી છોડવા માટે તૈયાર છે. જાદીબલથી પીડીપીના નારાજ નેતા આબિદ અંસારીએ દાવો કર્યો કે ૧૪ ધારાસભ્ય પાર્ટી છોડવા માટે તૈયાર છે. શિયા નેતા ઈમરાન અંસારી રજા અને અંસારી પહેલાં જ પીડીપી છોડવાની જાહેરાત કરી ચૂકયા છે. પીડીપી એ પોતાના બળવાખોર નેતાઓ પર કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે.

# રેલવેના આ પગલાંથી સમયસર ચાલશે ટ્રેનો

## રેલવેએ હવે ટ્રેકની દેખરેખ અને તેના મેન્ટેનન્સ માટે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સની મદદ લેવાનું નક્કી કર્યુ




**(એજન્સી)નવીદિલ્હી ,**

રેલવેએ હવે ટ્રેકની દેખરેખ અને તેના મેન્ટેનન્સ માટે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સની મદદ લેવાનું નક્કી કર્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર હવે રેલવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી રેલવે ટ્રેકનું રિપેરીંગ કામ અને મેન્ટેનન્સ કેલેન્ડર તૈયાર કરશે. આનાથી ટ્રેનોના આવવા જવાના સમયમાં સુધારો આવશે અને લગભગ ટ્રેનો મોડી નહીં પડે. ભારતમાં અનિયમિત મેન્ટેનન્સને લઈને ટ્રેનો સામાન્ય રીતે પોતાના નિયત સમય કરતા મોડી ચાલતી હોય છે.પ્રાપ્ત માહિતી અનુસાર આર્ટિફિશિયલ ઈન્શ્યોર ન્સને લઈને ઓછામા ઓછી ૯૦ ટકા ટ્રેનોનું સંચાલન યોગ્ય સમય પર થઈ શકશે. રેલવે આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સની મદદથી પહેલા જ મેન્ટેનન્સનું કેલેન્ડર તૈયાર કરી શકશે અને આ પ્લાનિંગને લઈને ટ્રેનો પોતાના નિયત સમય પર ચાલશે. પ્રાપ્ત વિગતો અનુસાર તમામ મોટા મેન્ટેનન્સ બ્લોક પર માત્ર રવિવારે જ કામ થશે જેથી ટ્રેનોના સમયને સાચવી શકાય અને ટ્રેનો મોડી ન પડે.આપને જણાવી દઈએ કે પહેલાથી રેલવે ટ્રેકમાં કોઈપણ પ્રકારની ખામીની તપાસ માટે ઓટોમેટિક ટ્રેક ડિટેક્શન મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અત્યારે આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ દ્વારા રેલવે ટ્રેક અને ટ્રેક જોઈન્ટના ક્ષમતા અને તેના આયુષ્યનું પણ અનુમાન લગાવી શકાશે. આ પગલાને લઈને રેલવે અકસ્માતોને ઓછા કરવામાં પણ મદદ પ્રાપ્ત થશે. પ્રાપ્ત માહિતી અનુસાર આના દ્વારા નિયમિત અને યોજનાબદ્ધ મેન્ટેનન્સથી કામ કરી શકાશે.

# વડાપ્રધાન મોદીના પ્રહારો, માત્ર મુસ્લિમ પુરુષોની જ પાર્ટી છે કોંગ્રેસ?

## પોતાના ભાષણ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે પોતાના સ્વાર્થ માટે તમામ પરિવારવાદી પાર્ટીઓ પોતાના વિસ્તારના વિકાસને રોકવા પર તુલી છે

**(એજન્સી)નવીદિલ્હી**

પૂર્વાંચલ એક્સપ્રેસ-વેના શિલાન્યાસના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના કાર્યકાળમાં થયેલ વિકાસ કામોનો ઉલ્લેખ કર્યો. સાથો સાથ આ દરમ્યાન તેમણે વિપક્ષી પાર્ટીઓ પર પ્રહારો કરવાની કોઇ કસર છોડી નહીં. પીએમે કહ્યું કે જે લોકો પહેલાં એકબીજાનું મોઢું પણ જોવા નહોતા માંગતા, તે લોકો હવે સવાર-સાંજ મોદી-મોદીની બૂમો પાડી રહ્યાં છે. મોદીએ કૉંગ્રેસ પર પ્રહાર કરતાં તેના પર ટ્રિપલ તલાકના મામલામાં અંડીગો લગાવાનો આરોપ પણ મૂકયો. મોદીએ કહ્યું, ‘કૉંગ્રેસ નેતાએ કહ્યું હતું કે કૉંગ્રેસ મુસલમાનોની પાર્ટી છે, હું પૂછવા માંગું છું કે કૉંગ્રેસ માત્ર મુસ્લિમ પુરૂષોની જ પાર્ટી છે કે મુસ્લિમ મહિલાઓની પણ? મોદીએ કહ્યું કે જે લોકો જામીન પર છે તે હવે યુપીનો વિકાસ રોકવા માંગે છે. પોતાના ભાષણ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે પોતાના સ્વાર્થ માટે તમામ પરિવારવાદી પાર્ટીઓ પોતાના વિસ્તારના વિકાસને રોકવા પર તુલી છે. તેને ખબર છે કે જો ખેડૂત, ગરીબ, દલિત, વંચિત અને પછાત સશક્ત થઇ ગયા તો તેમની દુકાન બંધ થવામાં મોડું થશે નહીં. જે લોકો જામીન પર છે તે હવે યુપીનો વિકાસ રોકવા માંગે છે. મોદીએ કહ્યું કે કેન્દ્ર અને ઉત્તર પ્રદેશની ભાજપ સરકારે હંમેશા જ દેશના સર્વોપરિ રાખ્યા છે. મોદીએ ટ્રિપલ તલાકનો ઉલ્લેખ કરતાં વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે આ તમામ પક્ષોની પોલ તો ટ્રિપલ તલાક પર તેના વલણે જ ખોલી દીધી છે. એક બાજુ કેન્દ્ર સરકાર મહિલાઓના જીવનને સરળ બનાવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે આ તમામ પાર્ટીઓ મહિલાઓ અને ખાસ કરીને મુસ્લિમ મહિલાઓના જીવનને સંકટમાં નાંખી રહી છે. મોદીએ કહ્યુ કે હવે તો દુનિયાના કેટલાંય મુસ્લિમ રાષ્ટ્રોમાં પણ ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મૂકી દેવાયો છે.



મોદીએ કહ્યું કે મેં છાપાઓમાં વાંચ્યું છે કે કૉંગ્રેસ અધ્યક્ષે કહ્યુ કે કૉંગ્રેસ મુસ્લિમોની પાર્ટી છે. પૂર્વ પીએમ મનમોહન સિંહે પણ કહ્યું હતું કે દેશના સંસાધનો પર પહેલો હક મુસલમાનોનો છે. હું કૉંગ્રેસ પાર્ટીના નામદારથી પૂછવા માંગું છું કે કૉંગ્રેસ માત્ર મુસ્લિમ પુરુષોની પાર્ટી છેકે મહિલાઓની પાર્ટી પણ છે? મોદીએ કહ્યું કે ટ્રિપલ તલાકના નામ પર મોદીનો વિરોધ કરનારી પાર્ટીઓના નેતાઓને મુસ્લિમ મહિલાઓને મળી પૂછીને આવો અને પછી સંસદમાં આવીને તમારી વાત કહેજો.’ મોદીએ કહ્યું કે આ પાર્ટીઓ ઈચ્છે છે કે ટ્રિપલ તલાક થતા રહ્યા અને મુસ્લિમ બહેન-દીકરીઓના જીવન નરક બનતા રહ્યાં.

# રથયાત્રામાં અમી છાંટણા થતા ભક્તો ખુશખુશાલ

**(પ્રતિનિધિ)અમદાવાદ**

ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રથયાત્રા સવારે નિકળી ત્યારથી જ આકાશમાં વાદળો ઘેરાયેલા હતા અને ગમ્મે ત્યારે વરસાદ પડે તેવો માહોલ છવાયેલો હતો. દરમિયાન બપોરે ૧૨ વાગ્યે રથયાત્રા(રથ) રાયપુર પાસે પહોંચ્યા ત્યારે જ ધોધમાર વરસાદનું ઝાપટું પડ્યું હતું. વરસાદ પડવા સાથે જ રથ ભિંજાતા ભક્તો ખુશખુશાલ થઈ ગયા હતા. વરસાદમાં પણ ભક્તોનો ઉત્સાહ ઓછો થયો ન હતો તેઓ હર્ષો ઉલ્લાસથી ભિંજાતા ભિંજતા રથયાત્રામાં જોડાયેલા જ રહ્યાં હતા. એવું કહેવાય છે કે, અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નિકળે છે ત્યારે અમી છાંટણા થાય છે તેનાથી સમગ્ર વર્ષ ખેડૂતો સહિત તમામ માટે સુખદાઇ નિવડે છે તેવી વાયકા છે. ત્યારે આ વર્ષે રથયાત્રા પર અમી છાંટણા થતા આગામી વર્ષ સારું નિવડશે તેવી આશા લોકોમાં જોવા મળી હતી.શનિવારે રથયાત્રા નિકળી ત્યારે સવારે આકાશમાં વાદળો ઘેરાઇ આવ્યા હતા અને વરસાદ થાય તેવો માહોલ સર્જાયો હતો. જો કે, વરસાદ થયો ન હતો અને અસહ્ય બફારો વર્તાઇ રહ્યો હતો. ત્યારે બપોરે ૧૨ વાગ્યે જ વાતાવરણ પલટાયું હતું અને વરસાદની શરૂઆત થઇ ગઇ હતી. રથ રાયપુર ખાતેથી પસાર થતા જ વરસાદ તુટી પડ્યો હતો.

# રથયાત્રા દરમિયાન મહિલા પોલીસને ટોયલેટ જવા માટે પડ્યા ફાંફા

## કાલુપુર અને ખાડિયામાં ચોકલેટોની દુકાનોમાં ચોકલેટ ખુટી પડી હતી

**(પ્રતિનિધિ)અમદાવાદ**

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતા રાજય પોલીસે રાહતનો દમ લીધો હતો. રથયાત્રાના બદોબસ્ત માટે રાજયભરમાંથી પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓને એક સપ્તાહ પહેલા બોલાવી દીધા હતા.પોલીસ બદોબસ્તમાં આવેલા મહિલા પોલીસ કર્મચારીઓને ટોયલેટની સુવિધા નહીં હોવાથી શાળાઓ ખોલાવીને તેમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ કર્મચારીઓને અસહ્ય બાફને લીધે પીવાના પાણી માટે ફાંફા મારવા પડયા હતા.રથયાત્રા લાખો ભકતો દર્શન કરવા આવતા હોવાથી રાજકારણીઓ પોતાના વિસ્તારમાં બેનરો આગેલા દિવસે મોડી રાત્રે આડેધડ લગાવી દીધા હતા.રથયાત્રામાં દર્શનાર્થીઓને મગ,જાંબુ સહિતના પ્રસાદ સાથે નાના બાળકો માટે પ્રસાદ રૂપે ચોકલેટો આપવામાં આવતી હોય છે. આ વખતે ચોકલેટોનો મારો વધુ રહેતા કાલુપુર અને ખાડિયામાં ચોકલેટોની દુકાનોમાં ચોકલેટ ખુટી પડી હતી. ત્યારે બિસ્કીટોની પેકેટ લેવાની ફરજ પડી હતી.

# સંજય દત્તની પુત્રી ત્રિશલાએ પહેલીવાર પર્સનલ લાઈફને લઈને કર્યા ખુલાસા

## ત્રિશલા સંજય દત્તની પહેલી પત્ની ઋચા શર્માની પુત્રી છે. ઋચાની મોત બાદ ત્રિશલાપોતાના નાના-નાનીની સાથે રહે છે



**(એજન્સી)મુંબઇ**

સંજય દત્તની બાયોપિક 'સંજૂ' ફિલ્મ રીલિઝ થઈ ચૂકી છે અને ચાહકો ખૂબ જ પસંદ આવી છે. પરંતુ આ બાયોપિકમાં એક વાત છે જેણે બધાંનું ધ્યાન ખેંચ્યું હતું. આ ફિલ્મમાં સંજય દત્તની મોટી પુત્રી ત્રિશલા દત્તનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.ફિલ્મ 'સંજૂ'ની રીલિઝ થયાના આટલા દિવસો પછી પહેલીવાર ત્રિશલા દત્તનું રિએક્શન સામે આવ્યું છે. પરંતુ તેનું આ રિએક્શન સંજય દત્તની બાયોપિકને લઈને નહીં પરંતુ પોતાના પિતાની સાથે તેના સંબંધોને લઈને છે.ઈંસ્ટાગ્રામના આધારે ચાહકોના સવાલના જવાબ ત્રિશલાએ પોતાના ઈંસ્ટાગ્રામની સ્ટોરીના આધારે આપ્યો છે. આમાં થોડા જવાબ તો બહુ જ સંવેદનશીલ છે પરંતુ અમુક જવાબોમાં ત્રિશલાનું હ્યુમર જોરદાર જોવા મળ્યું છે.પોતાની પહેલી જ સ્ટોરીમાં તેણે કહ્યું હતું કે, તે સંજય દત્તની પુત્રી છે કે બાબાની? તેના જવાબમાં તેણે લખ્યું હતું કે 'બાબાની'એક સવાલમાં જ્યારે તેને પૂછવામાં આવ્યું કે સંજય દત્તની પુત્રી હોવાનો તેનો કેવો અનુભવ છે? તેના જવાબમાં તેણે લખ્યું હતું કે, તે એક સામાન્ય પિતા જેવા છે. જ્યારે હું તેમની સાથે હોઉં છું તો એક પિતાની સાથે હોવાનો અનુભવ થાય છે.શું તમે પોતાના પિતાની જેમ બેડ એજ છે? તેના જવાબમાં તેણે લખ્યું હતું કે, અમુક વસ્તુઓમાં જ. ત્યાર બાદ એક એવો સવાલ આવ્યો કે જે સાંભળીને તે ઈમોશનલ થઈ ગઈ હતી.એક ચાહકે પૂછ્યું હતું કે, પરિવાર સાથે રહેવાનો અનુભવ કેવો હોય છે? તેના જવાબમાં ત્રિશલાએ કહ્યું હતું કે, હું ક્યારે પણ મારા પરિવાર સાથે રહી નથી આ માટે કહી ના શકું કેવો અનુભવ થાય છે. આમ તો હું થોડો સમય તેમની સાથે રહી છું પરંતુ તે સમયે હું બહુ નાની હતી એ માટે મને કંઈ યાદ નથી.ત્રિશલાને પૂછવામાં આવ્યે કે સંજય દત્તની કઈ ફિલ્મ સૌથી વધારે પસંદ છે તો તેણે કાંટે ફિલ્મની પસંદગી કરી હતી. ત્રિશલા સંજય દત્તની પહેલી પત્ની ઋચા શર્માની પુત્રી છે. ઋચાની મોત બાદ ત્રિશલાપોતાના નાના-નાનીની સાથે રહે છે. હાલ તે ન્યૂયોર્કમાં રહે છે.

# ભારતના ૧૩ વીવીઆઈપીના આઈફોન હેક કરીને ડેટા ચોરી લેવાયો

## તસવીરો સહિતની સંવેદનશીલ માહિતી હેકર્સ ગ્રુપે તફડાવી હોવાની આશંકા



**(એજન્સી)નવીદિલ્હી**

ભારતના અત્યંત મહત્વપૂર્ણ અને વીવીઆઈપીની કેટેગરીમાં આવતા ૧૩ વ્યક્તિઓના આઈફોનને હેક કરવામાં આવ્યા હોવાનો દાવો એક કોમર્શિયલ થ્રેટ ઈન્ટેલિજન્સ ગ્રુપ સીસ્કો દ્વારા કરવામાં આવ્યો છે. આ ગ્રુપના નિષ્ણાતોનુ કહેવુ છે કે આ વીવીઆઈપીના આઈફોનમાંથી મેસેજ, વોટ્સએપ, લોકેશન, ચેટ લોગ, ફોટોસ અને કોન્ટેક્ટસ જેવી મહત્વપૂર્ણ જાણકારીઓ એક એપ્લિકેશનની મદદથી ચોરવામાં આવી છે. જોકે આ ૧૩ વીવીઆઈપીની ઓળખ થઈ નથી. સીસ્કોના નિષ્ણાતોના મતે આ વ્યક્તિ ભારતમાં જ હોઈ શકે છે પણ તેણે પોતે રશિયા સાથે સંકળાયેલો હોવાનુ બતાવવાની કોશિશ કરી છે.કારણકે આ માહિતી ચોરવાની પ્રક્રિયા દરમિયાન તેણે રશિયન નામ અને રશિયન ઈ મેઈલ ડોમેઈનનો તેમજ વોડાફોન નેટવર્કના ફોન નંબરનો ઉપયોગ કર્યો છે. આઈફોન હેક કરનારાઓએ ઓપન સોર્સ મોબાઈલ ડિવાઈસ મેનેજમેન્ટ સિસ્ટમ તૈયાર કરી હતી.તેની મદદથી આ મહત્વપૂર્ણ વ્યક્તિઓના ૧૩ આઈફોન સુધી ડેટા તફડાવનાર ગેંગ પહોંચી હતી.એ પછી વોટ્સએપ અને ટેલિગ્રામમાં વધારાના ફિચર્સ જોડવાની ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટાર્ગેટ કરાયેલા ફોનમાં ડિવાઈસ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા આ ટેકનિક પહોંચાડવામાં આવી હતી. હવે એવી શક્યતા છે કે ફોનમાંથી ચોરવામાં આવેલી માહિતીનો ઉપયોગ આ વ્યક્તિઓને બ્લેકમેલ કરવા માટે થઈ શકે છે. જે પ્રકારે ડેટા ચોરવા માટે તૈયારી કરાઈ હતી તે જોતા લાગે છે કે ટાર્ગેટ કરાયેલા ફોન નિશ્ચિતપણે વીવીઆઈપીના જ છે.

# થાઈલેન્ડઃ ગુફામાંથી બચાવેલા બાળકોને ગુરૂવારે મળશે હોસ્પિટલમાંથી રજા

## તેઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને હાલ બાળકોને કોઈ પણ પ્રેસ કોન્ફરન્સમાં નહીં જવાની સલાહ આપી



**(એજન્સી)બેંગકોક,**

થાઈલેન્ડની થામ લુંઆગ ગુફામાંથી ગત સોમવારે બચાવવામાં આવેલા જૂનિયર ફૂટબોલ ટીમના ૧૨ ખેલાડીઓ અને તેમના કોચને ગુરૂવારે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે. તેઓને સારવાર હેઠળ જે હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે ત્યાંની મેડિકલ ટીમે આ જાણકારી આપી છે. જો કે, તેઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને હાલ બાળકોને કોઇ પણ પ્રેસ કોન્ફરન્સમાં નહીં જવાની સલાહ આપી છે. મીડિયામાં મોતને મ્હાત આપીને ગુફામાંથી બહાર આવ્યાની વાતને જાણવાની ઉત્સુકતા છે.ઉલ્લેખનીય છે કે, થાઈલેન્ડની ત્રીજી સૌથી મોટી ગુફા થામ લુઆંગમાં ૧૨ બાળકો અને તેમના કોચ ગત ૩ જુલાઈથી ફસાઇ ગયા હતા. તેઓને ગત સોમવારે ૧૮ દિવસે રેસ્ક્યૂ ઓપરેશનથી બહાર લાવવામાં આવ્યા હતા.વાઈલ્ડ બોર્સ નામની આ ટીમ ગુફા જોવા દરમિયાન પૂર આવતા અહીં ફસાઈ ગઈ હતી.હેલ્થ મિનિસ્ટર પિયાસાકોલ સકોલસાત્તયાતોર્ને આજે કોન્ફરન્સમાં જણાવ્યું કે, તમામ ૧૩ વાઈલ્ડ બોર્સનું સ્વાસ્થ્ય સારું છે, તમામ સુરક્ષિત છે. આ તમામને ગુરૂવારે રજા આપવામાં આવશે.બાળકો અને માતાપિતાને સલાહ આપવામાં આવી છે કે, તેઓ તેમના મિત્રો અને પરિવારની સાથે સમય પાસર કરે અને મીડિયાને કોઇ નિવેદન ના આપે. કારણ કે, આનાથી તેઓમાં તણાવના લક્ષણો ફરીથી જોવા મળે તેવી શક્યતાઓ છે.આ બાળકો અને તેમના કોચના ગાયબ થવા ઉપરાંત અત્યંત જોખમી અને સંઘર્ષભર્યા રેસ્ક્યૂ ઓપરેશન પર આખા વિશ્વની નજર હતી. ત્યાં સુધી હોલિવૂડ પ્રોડ્યુસરે આ વિષય પર ફિલ્મ બનાવવાની પણ જાહેરાત કરી દીધી છે.વાઈલ્ડ બોર્સ ફૂટબોલ ટીમ અને તેમના કોચે તેઓને બચાવનાર ડાઈવર્સ ટીમને ધન્યવાદ પાઠવ્યા હતા. આ ઉપરાંત વિશ્વમાં એ તમામ લોકો જેઓએ તેમની સુરક્ષા માટે પ્રાર્થના કરી હતી તેઓનો પણ આભાર માન્યો હતો.આ ટીમના બાળકોની ઉંમર ૧૧થી ૧૬ વર્ષની વચ્ચે છે. તેઓએ આજે જણાવ્યું કે, તેમનું સ્વાસ્થ્ય સારું છે અને ટ્રેડિશનલ થાઈ ફૂડ અને કેએફસીની ડિશ ખાવાનું લિસ્ટ તેઓએ તૈયાર કર્યું છે.જેમાં બાસિલ પોર્ક, સ્ટીક, ફ્રાઇડ એગ્સ અને રાઇસ તેઓના ફેવરિડ ફૂડની લિસ્ટમાં છે. એક બાળકે કહ્યું કે, મારું સ્વાસ્થ્ય સારું છે અને મેં કેએફસીમાંથી ફૂડ ઓર્ડર કરવાની ડિમાન્ડ કરી છે.

# કમલ હાસન, સલમાન ખાન પહેલી જ વાર સ્ક્રીન પર સાથે આવશે

## કમલ હાસન એ શો પર પોતાની આગામી ફિલ્મ 'વિશ્વરૂપમ ૨'ને પ્રમોટ કરશે



**(એજન્સી)મુંબઇ**

બે સુપરસ્ટાર – કમલ હાસન અને સલમાન ખાન રિયાલિટી ટેલિવિઝન શો 'દસ કા દમ' પર પહેલી જ વાર સ્ક્રીન પર સાથે જોવા મળશે.કમલ હાસન એ શો પર પોતાની આગામી ફિલ્મ 'વિશ્વરૂપમ ૨'ને પ્રમોટ કરશે. આ ફિલ્મની હિન્દી આવૃત્તિને રોહિત શેટ્ટી અને અનિલ અંબાણીની માલિકીની રિલાયન્સ એન્ટરટેનમેન્ટ સલમાન ખાન દ્વારા સંચાલિત 'દસ કા દમ' શોમાં રજૂ કરવાના છે.'દસ કા દમ'ની હિન્દી આવૃત્તિને સલમાન હોસ્ટ કરી રહ્યો છે જ્યારે તામિલ આવૃત્તિને કમલ હોસ્ટ કરી રહ્યા છે.૨૦૧૩માં, જ્યારે 'વિશ્વરૂપમ' રિલીઝ થઈ રહી હતી ત્યારે ફિલ્મ પર પ્રતિબંધ મૂકવા વિશે આખા ભારતમાં વિવાદ ચગ્યો હતો. એ વખતે સલમાન ખાન કમલ હાસનની પડખે રહ્યો હતો અને આ ફિલ્મ જોવાની પોતાના ચાહકોને અપીલ કરી હતી. ત્યારબાદ 'વિશ્વરૂપમ' પર કોઈ પ્રતિબંધ ન મૂકાયા બાદ સલમાને કમલ દ્વારા આયોજિત ફિલ્મના ખાસ શોમાં હાજરી પણ આપી હતી.હવે 'દબંગ' સ્ટાર સલમાન ફરીવાર કમલની નવી ફિલ્મના ટેકામાં આગળ આવ્યો છે.'વિશ્વરૂપમ ૨'નું ટ્રેલર જૂન મહિનામાં રિલીઝ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મની પટકથા કમલ હાસને પોતે લખી છે, તેમજ દિગ્દર્શન અને નિર્માણ પણ એમણે જ કર્યું છે. ફિલ્મમાં કમલ હાસન ઉપરાંત પૂજા કુમાર, એન્ડ્રીયા જેરેમીયા, શેખર કપૂર, રાહુલ બોઝ, જયદીપ અહલાવત અને વહીદા રેહમાનની પણ ભૂમિકા છે.'વિશ્વરૂપમ ૨' ૧૦ ઓગસ્ટે રિલીઝ થવાની છે. એ તામિલ અને હિન્દીમાં તૈયાર કરવામાં આવી છે અને તેલુગુમાં ડબ કરવામાં આવી છે.

# રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ યોજાયો

## સંસ્થાના ૨૦૧૮-૧૯ના વર્ષ માટે પ્રમુખ પદે જાણીતા સીએ ભરત પટેલ તેમજ સેક્રેટરી પદે વરિષ્ઠ પત્રકાર પાર્થ ઠક્કરની નિમણૂંક કરવામાં આવી

**(પ્રતિનિધિ)ગાંધીનગર**

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. સંસ્થાના ૨૦૧૮-૧૯ના વર્ષ માટે પ્રમુખ પદે જાણીતા સીએ શ્રી ભરત પટેલ તેમજ સેક્રેટરી પદે વરિષ્ઠ પત્રકાર શ્રી પાર્થ ઠક્કરની નિમણૂંક કરવામાં આવી હતી. આ ઉપરાંત બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ટ્રેઝરર શ્રી દીપ્તી સબાપરા, આઈપીપી શ્રી બી. કે. ચાવડા, પ્રેસિ. ઈલે. - ડૉ. અંકુર પરમાર, વા. પ્રેસિ. શ્રી રાકેશ પટેલ, જો.સેક્રેટરી - શ્રી અરવિંદ પટેલ, ક્લબ મેમ્બરશીપ ડૉ. એસ. કે. નંદા, ક્લબ ટ્રેનર શ્રી જગતભાઈકારાણી, પબ્લીક રીલેશન અને સર્વિસ પ્રોજેક્ટ શ્રી અરવિંદ રાણા, ક્લબ એડમીની. શ્રી મીતા ઉપાધ્યાય, ડાયરેક્ટર ટીચ - શ્રી યુવરાજસિંહ વાઘેલા, વોશ ઈન સ્કૂલ - શ્રી જયશ્રીબેન ખેતિયા, સા.એ.આ. - શ્રી અભેરાજ ચૌધરી, કોમ્યુ. ડાયરેક્ટર શ્રી મનોજભાઈ સરૈયાએ શપથ લીધા હતા. આ પ્રસંગે રોટરી ક્લબની યુવા પાંખ રોટરેક્ટ ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો પણ પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખ પદે શ્રી ધર્મેન્દ્રસિંહ ચાવડા, સેક્રેટરી - શ્રી મીલન રાઠોડ, ટ્રેઝરર શ્રી જયપાલ ચાવડા, આઈપીપી શ્રી જય રાણા, પ્રેસિ. ઈલે. શ્રી મહર્ષિ દવે, વા.પ્રેસિ. શ્રી મોસમ યાજ્ઞિક, જો. સેક્રે. શ્રી જયનમ શાહે શપથ ગ્રહણ કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ શ્રીમતી હર્ષા પટેલ દ્વારા પ્રાર્થના થકી કરવામાં આવી હતી. રોટરીના ફોર વે ટેસ્ટનું વાંચન કરાયું ત્યાર બાદ મુખ્ય મહેમાન તેમજ મંચસ્થ મહેમાનોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય બાદ વર્ષ ૧૭-૧૮ના પ્રમુખ શ્રી બી. કે. ચાવડા દ્વારા સ્વાગત પ્રવચન મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ કેપિટલના પૂર્વ પ્રમુખ તેમજ ગુજરાત સરકારના નિવૃત્ત સનદી અધિકારી અને રોટરેક્ટ ક્લબના ઈન્સ્ટોલેશન ઓફિસર ડૉ. એસ. કે. નંદા દ્વારા રોટરેક્ટ ક્લબનો ઈન્સ્ટોલેશન સેરેમની કરાવેલ, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પદાધિકારીઓને પદગ્રહણ પીડીજી શ્રી આશિષ દેસાઈ દ્વારા કરાવવામાં આવેલ. જ્યારે નવા સભ્યોની ઈન્ડક્શન સેરેમની એજી ડૉ. સમીર બાબરીયા દ્વારા કરાવવામાં આવેલ. સંસ્થાના વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ રજૂ કરી સંસ્થાને વર્ષ દરમ્યાન મદદરૂપ સહયોગીઓને ઈનામ આપીને શ્રી બી. કે. ચાવડા દ્વારા બિરદાવવામાં આવેલ. મુખ્ય મહેમાન ડૉ. ધીરજ કાકડીયાએ રોટરી ક્લબની સ્થાપનાથી માંડીને આજ દિન સુધી રોટરી ક્લબની પ્રવૃત્તિની અનોખી આંકડાકીય માહિતી સાથે રોટરી ક્લબ સ્થાપના અને તેનો ઉદ્દેશ્ય સમજાવતા પોતાની વાત રજૂ કરતાં સંસ્કૃતના શ્લોકનો સંદર્ભ ટાંકતા કહ્યું કે રોટરીયન એટલે પોતાની જાત ઘસે, આપણું જીવન પરોપકાર માટે જીવવું જોઈએ. ડૉ. કાકડીયાએ કહ્યું કે વિશાળ હૃદયના થાવ તો જ રોટરીનો સ્વાદ જાણવા મળે. તેઓએ સંવાદ ઉપર ભાર મૂકતા જણાવ્યું કે દરેક સભ્યો, દરેક ક્લબ વચ્ચે સંવાદ અતિજરૂરી માધ્યમ છે. ડૉ. કાકડીયાએ ખૂબ જ સરળ ભાષામાં ગહન વાતોને રજૂ કરી ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. ડૉ. એસ. કે. નંદાએ પોતાના અનુભવનો નિચોડ ઠાલવતાં રોટરેક્ટ અને રોટરીના મિત્રોને જાહેરજીવનના પ્રશ્નોને ઉકેલવાની સુંદર ટીપ્સ આપી હતી.

# ભાગેડુ નીરવ મોદી પાસે દાગીના ખરીદનારા ૫૦ ધન કુબેરો પર ઈન્કમટેક્સની તવાઈ

## નવેસરથી તેમના આઈટી રિટર્નની ચકાસણી થશે



**(એજન્સી)નવીદિલ્હી**

વિજય માલ્યાની જેમ જ બેંકોને કરોડોનો ચૂનો ચોપડીને વિદેશ ભાગી જનાર હીરા વેપારી નીરવ મોદી પર તો સરકારની તવાઈ ઉતરી જ છે પણ હવે નીરવ મોદી પાસેથી જ્વેલરી ખરીદનારાઓ પણ સરકારના રડારમાં આવી ગયા છે. ઈન્કમટેક્સ વિભાગે નીરવ મોદી પાસેથી દાગીના ખરીદનારા લોકોને નોટિસો મોકલીને તેમણે કેવી રીતે પેમેન્ટ કર્યુ હતુ તે અંગે જાણકારી માંગી હતી.જેમાંથી મોટાભાગનાનુ કહેવુ હતુ કે અમે નીરવ મોદીને કેશ પેમેન્ટ કર્યુ નથી. એ પછી જોકે ઈન્કમટેક્સ વિભાગે ૫૦ જેટલા ધનિક વ્યક્તિઓના ઈન્કમટેક્સ રિટર્નની ફરી ચકાસણી કરવાનુ નક્કી કર્યુ છે. ઈન્કમટેક્સ વિભાગનુ કહેવુ છે કે જેમને નોટિસો અપાઈ છે તેમના જવાબ શંકાસ્પદ છે. ઘણાએ કેશથી દાગીના ખરીદયા હોવાની વાતને છુપાવી છે અને આવી રકમ લાખો કરોડોમાં થવા જાય છે.

# ઈડીનો સપાટો : જામનગરના ભૂમાફિયાની ૪ કરોડની મિલકત ટાંચમાં લીધી

## જામનગર પોલીસ સ્ટેશનમા ભૂમાફિયા જયસુખ ઉર્ફે જયેશ મુળજીભાઈ રાણપરિયા પટેલ અને તેના ચાર સાગરિતો સામે અનેક ફરિયાદો

**જામનગર**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) અમદાવાદના અધિકારીઓએ જામનગરના ભૂમાફિયાની ચાર કરોડની મિલકત ટાંચમાં લીધી છે. જામનગર પોલીસ સ્ટેશનમા ભૂમાફિયા જયસુખ ઉર્ફે જયેશ મુળજીભાઇ રાણપરિયા પટેલ અને તેના ચાર સાગરિતો સામે અનેક ફરિયાદો નોંધાઇ છે જેના આધારે અમદાવાદ ઇડીના અધિકારીઓએ નવેમ્બર ૨૦૧૬મા મની લોન્ડરીગનો ગુનો દાખલ કરીને તપાસ કરી હતી. પોલીસની ફરિયાદ મુજબ જયેશ પટેલે જામનગરના એક વ્યક્તિની ૧૩૫ કરોડની બે મિલકતો તેના જ ચાર સાગરિતોના નામે પાવર ઓફ એટર્નીથી પચાવી પાડી હતી. આ મિલકતનુ સેટલમેન્ટ કરવા જયેશ પટેલે ફરિયાદી સાથે સાત કરોડમાં સેટલમેન્ટ કરીને તેના સાગરિતો પ્રવિણ પુરષોત્તમભાઇ ચોવટિયા, મયુર મગનભાઇ સભયા,જમન દેવજીભાઇ મોલિયા અને ચંન્દ્રકાન્ત વલ્લભભાઇ સંઘાણીના બેક્ક ખાતામાં સેટલમેન્ટની રકમ ટ્રાન્સફર કરવા જણાવ્યુ હતુ.ભૂમાફિયા જયેશ પટેલ સામે જામનગરમાં જુદા જુદા પોલીસ સ્ટેશનમાં કેસો નોધાયેલા છે. પોલીસની ફરિયાદના આધારે ઇડીના અધિકારીઓએ ચારેય સાગરિતોના બેક્ક ખાતાઓ ફ્રીજ કરી દીધા છે. ઇડીએ જયેશ પટેલના ફ્લેટ અને પ્લોટ સરકાર હસ્તક જપ્ત કર્યા છે. ઇડીએ નિવેદનો લઇને આટલી મોટી રકમ તેમની પાસે કેવી રીતે આવી તેની તપાસ કરતા અનેક માહિતી બહાર આવી છે. ભૂમાફિયાની મિલકતો ટાંચમાં લીધી હોવાનો પહેલો કિસ્સો બહાર આવ્યો છે. ઇડીએ અગાઉ લિકર માફિયાની મિલકતો પણ ટાંચમાં લીધી હતી.

# રથયાત્રા દરમિયાન મહિલા પોલીસને ટોયલેટ જવા માટે પડયા ફાફા

## કાલુપુર અને ખાડિયામાં ચોકલેટોની દુકાનોમાં ચોકલેટ ખુટી પડી હતી



**(પ્રતિનિધિ)અમદાવાદ**

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતા રાજ્ય પોલીસે રાહતનો દમ લીધો હતો. રથયાત્રાના બદોબસ્ત માટે રાજ્યભરમાંથી પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓને એક સપ્તાહ પહેલા બોલાવી દીધા હતા.પોલીસ બદોબસ્તમાં આવેલા મહિલા પોલીસ કર્મચારીઓને ટોયલેટની સુવિધા નહીં હોવાથી શાળાઓ ખોલાવીને તેમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ કર્મચારીઓને અસહ્ય બાફને લીધે પીવાના પાણી માટે ફાંફા મારવા પડયા હતા.રથયાત્રા લાખો ભકતો દર્શન કરવા આવતા હોવાથી રાજકારણીઓ પોતાના વિસ્તારમાં બેનરો આગેલા દિવસે મોડી રાત્રે આડેધડ લગાવી દીધા હતા. રથયાત્રામાં દર્શનાર્થીઓને મગ,જાંબુ સહિતના પ્રસાદ સાથે નાના બાળકો માટે પ્રસાદ રૂપે ચોકલેટો આપવામાં આવતી હોય છે. આ વખતે ચોકલેટોનો મારો વધુ રહેતા કાલુપુર અને ખાડિયામાં ચોકલેટોની દુકાનોમાં ચોકલેટ ખુટી પડી હતી. ત્યારે બિસ્કીટોની પેકેટ લેવાની ફરજ પડી હતી.

# આગામી ૪૦ વર્ષમાં દુનિયા પર રાજ કરશે ભારત અને ચીન : ઓઈસીડી

## બ્રિક્સ દેશો (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ઈન્ડોનેશિયા અને સાઉથ આફ્રિકા)નાં જીવનસ્તરમાં ઝડપથી બદલાવ આવશે

**નવીદિલ્હી ,**

તાજેતરમાં બનાવેલી પોલિસી આવનારા સમયમાં લોકોનાં જીવન પર સકારાત્મક અસર કરશે. ઓઈસીડીની તરફથી આવનારા સમયનાં આર્થિક ચિતાર વિશે વાત કરવામાં આવી છે. ઓઈસીડી તરફથી કહેવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૬૦ સુધી સમગ્ર ગ્લોબલ આઉટપુટનો ૫૦ ટકાથી વધારે ભાગ ભારત અને ચીન પાસે હશે. બ્લુમર્ગમાં પ્રકાશિત આ રિપોર્ટમાં ભવિષ્યને લઈને ઘણાં મહત્વનાં તથ્યો પર પ્રકાશ નાંખવામાં આવ્યો છે.રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે વૈશ્વિક અર્થવ્યવસ્થાની ઝડપમાં મંદી આવી છે પરંતુ એશિયાનાં ૨ પ્રમુખ દેશો પર આની અસર નથી, પરંતુ તેમની




ગતિમાં પહેલા કરતા પણ તેજી આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આવનારા સમયમાં આર્થિક શક્તિનું કેન્દ્ર એશિયા હશે. બ્લૂમર્ગમાં પ્રકાશિત રિપોર્ટમાં રોબોટ્સને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી નથી, પણ સામાજિક અને આર્થિક બાબતો પર વધારે ચર્ચા કરવામાં આવી છે. ઓઈસીડીનું કહેવું છે કે આ સ્થિતિમાં આવનારા સમયમાં માથાદીઠ આવકમાં પણ વધારો થશે અને બ્રિક્સ દેશો (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ઈન્ડોનેશિયા અને સાઉથ આફ્રિકા)નાં જીવનસ્તરમાં ઝડપથી બદલાવ આવશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૬૦ સુધી ભારત અને ચીન દુનિયાનાં ટોટલ આઉટપુટમાં ૫૦ ટકા ભાગીદાર હશે. એટલે કે બંને પાસે ૨૦થી ૫૦ ટકા ભાગ હશે જે ઘણો જ મહત્વનો છે. રિપોર્ટમાં અમેરિકા અને ચીન વચ્ચે ઝડપથી અંતર વધશે તેવું કહેવામાં આવ્યું છે.